For Community Only

# નમસ્કાર ગુજરાત

USA Edition | Year 3 | Issue 18 | 30 December 2023, Saturday | Page 12

Editor-in-chief **Hiren Vyas** | Executive Editor **Nirav Govani** | Published by news online Inc. (Weekly)

read epaper... newsonlinelive.tv



# અલવિદા 2023 વેલકમ 2024

## અમેરિકામાં આ વર્ષે અનેક મોટી ઘટનાઓ બની...

### અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડિનની મુશ્કેલી વધારો થયો, તો પૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પ સામે કોર્ટે પ્રતિબંધ લગાવ્યો

**વોશિંગ્ટન:** 2023નું દુનિયાની સાથે સાથે અમેરિકા માટે અનેક ઉતાર-ચઢાવ લઈને આવ્યું. જેમાં અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડિનની સાથે સાથે પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મુશ્કેલીમાં પણ વધારો થયો. જેમાં અમેરિકાના હાઉસે રાષ્ટ્રપતિ સામે મહાભિયોગ તપાસને મંજૂરી આપી. તો ડોનાલ્ડ ટ્રમ્પની સામે કોર્ટે ચૂંટણી ન લડવાનો પ્રતિબંધ મૂકી દીધો છે. જોઈશું એક વર્ષમાં અમેરિકામાં કઈ-કઈ મોટી ઘટનાઓ બની જે લોકોના દિલોદિમાગમાં જીવંત છે... વધુ વાંચો અંદરના પાને

### અમેરિકાના રોબિન્સવિલેમાં સૌથી મોટા BAPS અક્ષરધામ મંદિરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું...

યુનાઈટેડ સ્ટેટ્સમાં સૌથી મોટું હિન્દુ મંદિર ન્યુ જર્સીમાં બનાવવામાં આવ્યું, રવિવારે આ મંદિરેના દરવાજા ખોલવામાં આવ્યા છે. રોબિન્સવિલેના નાના ટાઉનશીપમાં બનેલ, 183 એકરનું BAPS સ્વામિનારાયણ અક્ષરધામ, જેનું નામ તેની સ્થાપના હિંદુ આધ્યાત્મિક સંસ્થા માટે રાખવામાં આવ્યું છે. અમેરિકાના સૌથી મોટા અક્ષરધામ મંદિરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આજે મંદિરમાં મૂર્તીની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી રહી છે. પ્રમુખ સ્વામીએ 2012માં અક્ષરધામના આર્કિટેક્ચરને અંતિમ સ્વરૂપ આપ્યું હતું અને 2014માં રોબિન્સવિલેમાં તેનું ભૂમિપૂજન કર્યું હતું. મંદિરનું નિર્માણ કાર્ય 2015-23 સુધી ચાલુ રહ્યું. મંદિર બનાવવા માટે 12,500 સ્વયંસેવકોએ કામ કર્યું હતું. અમેરિકામાં લાંબા સમય સુધી ઠંડી રહે છે. હિમવર્ષા પણ થતી રહે છે. આ બધાની વચ્ચે સ્વયંસેવકોએ દિવસ-રાત કામ કર્યું.



### અમેરિકા હાઉસે રાષ્ટ્રપતિ સામે મહાભિયોગ તપાસને આપી મંજૂરી

યુએસ હાઉસમાં રાષ્ટ્રપતિ જો બાઈડેન પર મતદાન થયું હતું જેમાં બાઈડેન અને તેમના પુત્ર સામે આંતરરાષ્ટ્રીય વ્યવહારો અંગે મહાભિયોગની તપાસને ઔપચારિક બનાવવાના ઠરાવને મંજૂરી આપી હતી. રિપબ્લિકન-નિયંત્રિત યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે રાષ્ટ્રપતિ જો બાઈડેન સામે મહાભિયોગની તપાસને ઔપચારિક ઠરાવને મંજૂરી આપી હતી.




### પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર ચૂંટણી ન લડવાનો લાગ્યો પ્રતિબંધ

યુએસના ભૂતપૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ૨૦૨૧માં કેપિટોલ હીલ ખાતે થયેલાં અભૂતપૂર્વ હુલ્લડોમાં ભજવેલી ભૂમિકા બદલ તેમને આવતા વર્ષે રાજ્યમાં યોજાનારી પ્રમુખપદની ચૂંટણીઓ લડવા પર કોલોરાડોની સુપ્રીમ કોર્ટે પ્રતિબંધ મુકી દઈ તેમનું નામ રાજ્યના પ્રાયમરી મતપત્રકોમાંથી રિપબ્લિકન પ્રમુખપદના ઉમેદવારોમાંથી કમી કરવાનો આદેશ આપ્યો હતો.



### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 3 દિવસની રાજકીય યાત્રાએ આવ્યા...

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જૂન મહિનામાં VVIP પ્રવાસ પર અમેરિકા ગયા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અમેરિકાની આ રાજકીય મુલાકાતથી બંને દેશોના સંબંધો વધારે ગાઢ બન્યા. કેમ કે PM મોદીએ અમેરિકા પહોંચતાની સાથે જ 21 જૂને ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલયમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ કાર્યક્રમમાં ભાગ લીધો. ત્યાર બાદ તેમનો સત્તાવાર પ્રવાસ વોશિંગ્ટનમાં શરૂ થયો.



Gadgets ગુરૂ
Oppo A59 5G સ્માર્ટફોન ભારતમાં લોન્ચ... 4

ગુજરાત માટે સારી અને નરસી ઘટનાઓનું રહ્યુ સાક્ષી ગુજરાત વિધાનસભા... 7



ઓછા બજેટની ફિલ્મોએ આ વર્ષની બમ્પર કમાણી કરી, 12મી ફેઈલ... 10



## સાયક્લોનથી અમેરિકામાં ભારે તારાજી , લાખો લોકોને નુકસાન, અનેક લોકો મોતને ભેટ્યા

અમેરિકાના પૂર્વ વિસ્તાર સહિત અનેક વિસ્તામરાં આ વર્ષ દરમિયાન ભારે તોફાન અને તોફાનના કારણે જનજીવન ખોરવાઈ ગયું. મીડિયા રિપોર્ટ્સથી પ્રાપ્ત માહિતી અનુસાર, આ વાવાઝોડાને કારણે ન્યૂયોર્કથી અલાબામા સુધી લગભગ 10 લાખ ઘરો અને વ્યાપારી સંસ્થાઓમાં વીજળી ડુલ થઈ ગઈ. આ સિવાય અત્યાર સુધીમાં હજારો ફ્લાઈટ્સ કેન્સલ કરવાનો વારો આવ્યો. રિપોર્ટ અનુસાર આ તોફાનથી લગભગ પાંચ કરોડથી વધારે લોકો પ્રભાવિત થયા.




## FBIએ 4 વર્ષ પછી માયુષી અંગે માહિતી આપનારને 8 લાખનું ઈનામ જાહેર કર્યુ

એફબીઆઈએ યુએસ સ્ટેટ ન્યુ જર્સીમાં 2019થી ગુમ થયેલા એક ભારતીય વિદ્યાર્થીની માહિતી માટે 10 હજાર ડોલર (૮.32 લાખ રૂપિયા)ના ઈનામની ઓફર કરી છે. ખરેખર 29 વર્ષની માયુષી ભગત છેલ્લે 29 એપ્રિલ 2019ના રોજ જોવા મળી હતી. તેણે 1 મેના રોજ સોશિયલ મીડિયા પર તેના પિતા સાથે છેલ્લી વાત કરી હતી. આ પછી પરિવારે ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. ગયા વર્ષે જુલાઈમાં એફબીઆઈએ 'અપહરણ/ગુમ' કૉલમમાં મોસ્ટ વોન્ટેડ લોકોની યાદીમાં તેનું નામ નોંધ્યું હતું.




## અમેરિકામાં આ વર્ષે મોંઘવારી વધી, ખાવા-પીવાની વસ્તુ મોંઘી થતાં લોકોને ભારે હાલાકી

જાન્યુઆરી 2023 પછી આ પ્રથમ વખત છે જ્યારે ફુગાવામાં વધારો થયો છે. એવું માનવામાં આવે છે કે સેવાઓ, ખાદ્યપદાર્થો અને ચીજવસ્તુઓના ભાવમાં વધારાને કારણે મોંઘવારી દરમાં વધારો થયો છે. ખાદ્યપદાર્થો અને ઊર્જાના ફુગાવાને બાજુ પર રાખીએ તો છેલ્લા મહિનામાં મોંઘવારી 4.7 ટકા પર પહોંચી ગયો છે. ફેડે ફુગાવાને નાથવા પોલિસી રેટમાં વધારો કર્યો હતો. અને મોંઘવારી વધવાના કારણે લોકોની ખાવા-પીવાની વસ્તુ, ભાડું, ટ્રાન્સપોર્ટેશન સહિત દરેક વસ્તુમાં વધારો થઈ ગયો છે. જેના કારણે લોકોની મુશ્કેલીમાં મોટો વધારો થયો છે.



## ચાલુ વર્ષે અમેરિકાએ 10 લાખ ભારતીયોને વિઝા આપ્યાં, બંને દેશ વચ્ચે સંબંધો સુધર્યા

ભારત સ્થિત અમેરિકન એમ્બેસીએ ચાલુ વર્ષે ૧૦ લાખ નોન-ઈમિગ્રન્ટ વિઝા અરજીના પ્રોસેસિંગનો લક્ષ્યાંક વટાવી દીધો છે. એમ્બેસીએ જણાવ્યું હતું કે, હવે અમેરિકા માટે વિશ્વભરમાંથી આવતી વિઝાની અરજીઓમાં ભારતીયોનો હિસ્સો ૧૦ ટકા છે. જેમાં સ્ટુડન્ટ વિઝામાં ૨૦ ટકા અને એચ એન્ડ એલ કેટેગરીની વિઝા અરજીઓમાં ૬૫ ટકા ભારતીયોની અરજી સામેલ છે. અમેરિકન એમ્બેસીએ જણાવ્યું હતું કે, "ભારતમાં વિઝા અરજીઓના પ્રોસેસિંગની સંખ્યા કોરોના મહામારી પહેલાં ૨૦૧૯ની તુલનામાં ૨૦ ટકા વધુ છે. વિશ્વભરમાં અમેરિકાના વિઝા માટેની દર ૧૦ અરજીમાંથી એક અરજી ભારતીયની છે."



## 2 વર્ષ પછી અમેરિકાએ એરિક ગાર્સેટીને ભારતમાં પોતાના રાજદૂત બનાવ્યા ...

અમેરિકાએ આખરે લોસ ઍન્જલસના ભૂતપૂર્વ મેયર એરિક ગાર્સેટીની નિમણૂક ભારત ખાતે પોતાના રાજદૂત તરીકે કરી છે. બાઈડન સરકારે આ પદ માટે જુલાઈ, 2021માં તેમનું નામાંકન કર્યું હતું. જોકે, બાઈડેનની નજીક ગણાતા ગાર્સેટીની નિમણૂક એક સમયે અટકાવી દેવામાં આવી હતી. ગાર્સેટી પર એવો આરોપ હતો કે તેઓ મેયર હતા ત્યારે તેમના નજીકના સહયોગી પરના જાતીય સતામણીના આરોપોની તેમણે અવગણના કરી હતી. ગાર્સેટીએ તે આરોપનું ખંડન કર્યું હતું. આખરે બુધવારે અમેરિકાની સેનેટે 42 વિરુદ્ધ 52 મતે તેમની નિમણૂકને મંજૂરી આપી દીધી હતી.

નમસ્કાર ગુજરાત
INDIA - USA - UK
NEW ZEALAND - AUSTRALIA

આપ આપના શહેરની પ્રેસનોટ અથવા કાર્યક્રમની માહિતી અથવા ફોટો અમને અમારા નીચેના ઇ-મેલ આઇડી પર મોકલી શકો છો.
**namashkargujarat@gmail.com**

**Publisher & Editor-in-Chief**
Hiren Vyas
+91 98982 65678

**Executive Editor**
**Marketing USA**
Nirav Govani
+1 (312) 686-5974

**Design**
Farhan Ajmerwala

**California Representative**
Ramanlal Patel
+1 (909) 205-6442

**Spl. Correspondent**
Sandip Hirpara
+91 90338 36330

**USA Office**
607, Burgess ct., Schaumburg, Illinois - 60194.

**Marketing India**
Mohit Hemilton +91 98799 18199
Het Vyas +91 95370 31696

**For Advertisement**
namashkargujarat@gmail.com

**India Office** 10th Floor, Shivalik Complex,
Opp. Bank of Baroda, Panchvati Circle, Ambawadi,
Ahmedabad - 380015.

**Disclaimer :** Namaskar Gujarat make no warranties or responsible as to the accuracy of the content and assumes no liability or responsibility for any error or omission in the content. Namaskar Gujarat is not responsible or liable for any claims made in advertisements or classifieds.Any question or comments concering advertisement or classifieds within this newspaper should be directed to the advertiser.The views,advice,opinions,and information in letters to the editor,analysis section,legal section or any other article in this publication are those of the writers and do not necessarily represent those of Namaskar Gujarat. All editorial rights reserved to News Online Cable Broadcasting Pvt. Ltd. Ahmedabad.

બિઝનેસની દુનિયામાં પણ ભારતની મહિલાઓ કાબેલિયત બતાવી રહી છે

# ફોર્બ્સની યાદીમાં ભારતની ચાર શક્તિશાળી મહિલાઓ...


**નવી દિલ્લી: બિઝનેસ મેગેઝિન ફોર્બ્સે દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશ્વની સૌથી શક્તિશાળી મહિલાઓની યાદી જારી કરી છે. આ સૂચિમાં ભારતની ચાર સ્ત્રીઓને સ્થાન મળ્યું છે. વિવિધ ક્ષેત્રે કાર્યરત આ મહિલાઓએ પોતપોતાના ક્ષેત્રમાં મેળવેલી અપ્રતિમ સિધ્ધિને પગલે આ પ્રતિષ્ઠિત યાદીમાં સ્થાન મેળવ્યું છે. આવો જાણીઓ ભારતની કઈ કઈ સ્ત્રીઓએ દેશને સન્માન અપાવ્યું છે.**



## નિર્મલા સીતારમણ

**32મા સ્થાને**

ફોર્બ્સની શક્તિશાળી મહિલાઓની સૂચિમાં ૩૨મું સ્થાન હાંસલ કરનાર નિર્મલા સીતારમણ ભારતીય જનતા પાર્ટીના સીનિયર લીડર છે. તેઓ વર્ષ ૨૦૧૯થી ભારતનું નાણાં મંત્રાલય તેમ જ કોર્પોરેટ એફર્સ ખાતું સંભાળી રહ્યાં છે. તેમણે વર્ષ ૨૦૧૭-૨૦૧૯ દરમિયાન દેશના સંરક્ષણ પ્રધાન તરીકેની કામગીરી બજાવી હતી. આમ પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી બાદ નાણાં તેમ જ સંરક્ષણ મંત્રાલયનો કારભાર સંભાળનાર તેઓ બીજા મિનિસ્ટર બન્યાં છે. વર્ષ ૨૦૨૨માં ફોર્બ્સે નિર્મલા સીતારમણને વિશ્વની શક્તિશાળી મહિલાઓની યાદીમાં ૩૬મું સ્થાન આપ્યું હતું, જ્યારે આ વર્ષે ૩૨મું.



## કિરણ મઝુમદાર

**76મું સ્થાન**

ભારતના ઉદ્યોગ જગતમાં અગ્રણી સ્થાન ભોગવતાં ૭૦ વર્ષના ધનાઢ્ય મહિલા કિરણ મઝુમદાર શૉને આ વર્ષે ફોર્બ્સની શક્તિશાળી સ્ત્રીઓની યાદીમાં ૭૬મું સ્થાન પ્રાપ્ત થયું છે. તેમણે બેંગલુરુમાં બયોકોન લિમિટેડ અને બાયોકોન બાયોલૉજિક્સની સ્થાપના કરી હતી અને તેનું નેતૃત્વ પણ કર્યું હતું. તેઓ ઇન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ મેનેજમેન્ટ-બેંગલુરુના અધ્યક્ષ રહી ચૂક્યા છે. ફોર્બ્સે કિરણ મઝુમદાર શૉને તેમની વિશ્વની શક્તિશાળી મહિલાઓની યાદીમાં વર્ષ ૨૦૧૯માં ૬૮મું સ્થાન આપ્યું હતું. તેમને અન્ય કેટલીક પ્રતિષ્ઠિત સૂચિઓમાં સ્થાન મળ્યું છે.



## સોમા મંડલ

**70મા સ્થાને**

ફોર્બ્સની શક્તિશાળી મહિલાઓની યાદીમાં ૭૦મા સ્થાને રહેલા સોમા મંડલ સ્ટિલ ઑથોરિટી ઑફ ઈન્ડિયા (સેઈલ) ના વર્તમાન અધ્યક્ષ છે. વર્ષ ૨૦૨૧થી આ જવાબદારી સંભાળી રહેલા તેઓ સેઈલના સૌપ્રથમ મહિલા અધ્યક્ષ બન્યાં છે. ભુવનેશ્વરમાં જન્મેલા સોમાએ વર્ષ ૧૯૮૪માં ઈલેક્ટ્રોનિક એન્જિનિયરિંગમાં ગ્રેજ્યુએશન કર્યું છે. મેટલ ઈન્ડસ્ટ્રીમાં ૩૫ વર્ષનો અનુભવ ધરાવનાર સોમા મંડલે તેમની કામગીરીનો પ્રારંભ નેલ્કોથી કર્યો હતો. ૨૦૧૭ની સાલમાં સેઈલમાં જોડાવાથી પહેલા તેઓ નેલ્કોના ડાયરેક્ટરના પદ સુધી પહોંચ્યા હતા. સેઈલના કાર્યવાહક ડાયરેક્ટર અને અધ્યક્ષ સુધીની યાત્રા તેમની કારકિર્દીની સૌથી મોટી સિધ્ધિ છે. આ કોર્પોરેટ સિધ્ધિ ઉપરાંત સોમા સ્ટેન્ડિંગ કોન્ફરન્સ ઑફ પબ્લિક એન્ટરપ્રાઈસિસના અધ્યક્ષ પણ છે.

## રોશની નાડર મલ્હોત્રા

**60મું સ્થાન**



૪૨ વર્ષીય રોશની નાડર મલ્હોત્રા ભારતની જ નહીં, વિશ્વની ધનાઢ્ય તેમ જ દાનેશ્વરી મહિલાઓમાંના એક છે. તેઓ એચસીએલ ટેકનોલોજીસના ચેરપર્સન છે. ફોર્બ્સની મોસ્ટ પાવરફુલ વૂમનની યાદીમાં વર્ષ ૨૦૧૯માં તેમને ૫૪મું, ૨૦૨૦ની સાલમાં ૫૫મું અને ૨૦૨૧ના વર્ષમાં ૬૦મું સ્થાન મળ્યું છે.

**YEAR ENDER 2023**

## Byju-Paytm થી Meesho અને Swiggy સુધીની છટણી 2023માં

### ભારતીય સ્ટાર્ટઅપ્સમાં હજારો કર્મચારીઓ બેરોજગાર બન્યા

નવી દિલ્હી: વર્ષ 2023 ભારતીય IT કંપનીઓ, ખાસ કરીને સ્ટાર્ટઅપ્સ માટે ઘણી રીતે મહત્વપૂર્ણ સાબિત થયું છે. 2023 માં લગભગ આખા વર્ષ દરમિયાન વિવિધ કંપનીઓમાં છટણીના અહેવાલો હતા. Baajyu, Paytm અને Swiggy જેવા મોટા નામો પણ ભારતીય સ્ટાર્ટઅપ્સમાં સામેલ હતા જેમણે વર્ષ 2023માં છટણીનો સહારો લીધો હતો.




**બાયજુ** બાયજુએ આ વર્ષે છટણીના બીજા રાઉન્ડમાં 2,500 કર્મચારીઓની છટણી કરી હતી. અહેવાલો અનુસાર, બાયજુના સ્થાપક બાયજુ રવિન્દ્રને કર્મચારીઓનો પગાર વસૂલવાના પ્રયાસમાં પોતાનું ઘર ગીરવે રાખવું પડ્યું હતું.

**Paytm** Paytmની પેરન્ટ કંપની One 97 Communications એ ઑપરેશન ઑપ્ટિમાઇઝ કરવા અને કર્મચારીઓના ખર્ચમાં 15 ટકાનો ઘટાડો કરવા માટે કામકાજ છૂટા કરવાનો નિર્ણય લીધો છે. કંપનીએ તેમના સેંકડો કર્મચારીઓની છટણી કરી છે.

**મીશો** ઈ-કોમર્સ વેબસાઈટ મીશોએ તાજેતરમાં છટણીનો ત્રીજો રાઉન્ડ શરૂ કર્યો હતો, જે હેઠળ તેના 15% કર્મચારીઓને બહારનો રસ્તો દેખાડવામાં આવ્યો હતો. અહેવાલો અનુસાર, આ નિર્ણય કંપનીના સ્થાપક અને સીઈઓ વિદિત અત્રેયાએ ઈમેલ દ્વારા શેર કર્યો હતો.

**સ્વિગી** Layoff.FYI અનુસાર, સ્વિગીએ વર્ષ 2023માં પ્રોડક્ટ, એન્જિનિયરિંગ અને ઓપરેશન્સ વિભાગોમાં 380 કર્મચારીઓની છટણી કરી હતી. કંપનીએ તેનું માંસ બજાર બંધ કરવાનો પણ નિર્ણય લીધો છે.

**ઓલા** મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઓલાએ વર્ષ 2023માં તેના લગભગ 200 કર્મચારીઓને પણ નોકરીમાંથી કાઢી મૂક્યા હતા. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે જે લોકોને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે તેઓ પેરેન્ટ કંપની ઓલા કેબ્સ અને તેની પેટાકંપનીઓ ઓલા ફાઈનાન્સિયલ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ અને ઓલા ઈલેક્ટ્રિકના છે.

# બિઝનેસ અને કોર્પોરેટ ક્ષેત્રમાં મોટો ભૂકંપ આવ્યો

## 6 ઘટનાઓના કારણે 2023માં હડકંપ જોવા મળ્યો

■ નવી દિલ્હી

2023નું વર્ષ રાજકીય, સામાજિક અને બિઝનેસ ક્ષેત્રે અનેક મોટા ફેરફારો જોવા મળ્યા.જેમાં કોરોના પછી બિઝનેસના અનેક મોટા એકમમાં છટણીનો દોર ચાલ્યો. તો અનેક બેંકોએ દેવાળું ફૂંક્યું. જેના કારણે લોકોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. ત્યારે કઈ એવી 6 ઘટનાઓ છે, જેણે બિઝનેસની દુનિયામાં હડકંપ મચાવી દીધો. જેના કારણે સામાન્ય લોકોને અનેક પરેશાનીનો સામનો કરવાનો વારો આવ્યો.

amazon

**એમેઝોનનું જોબ કટ** એમેઝોન એટલા માટે વિવાદમાં આવ્યું હતું કે કંપનીએ ૧૮,૦૦૦ જેટલા કર્મચારીઓના લેઓફ આપી દીધો હતો. કંપનીએ સ્ટાફ ઓછો કરવાના પગલાં લેવાનું વર્ષ પહેલાં કહ્યું હતું પણ પછી અચાનક ૧૮,૦૦૦ લોકોને ના પાડી દીધી હતી. ૨૦૨૧માં એમેઝોનમાં ૧.૬ મિલીયન લોકો કામ કરતા હતા. આટલા મોટા જોબ કટે એમેઝોનને વિવાદના કેન્દ્રમાં લાવી દીધું હતું.

**ક્રેડીટ સૂઇસનો ફિયાસ્કો** માર્ચ ૨૦૨૩માં યુબીએસ ગ્રુપ એજીએ ૩.૩ અબજ ડોલરમાં ક્રેડીટ સુઇસ હસ્તગત કરી હતી. કેમકે ક્રેડીટ સુઇસ સામે અનેક કૌભાંડોના આરોપો હતા અને બેંકીંગ સેક્ટરે પ્રેશર વધાર્યું હતું તો લીડરશીપના પણ ધાંધીયા શરૂ થયા હતા. નવી લોન અને નવા રોકાણો મારફતે કંપનીએ આત્મ વિશ્વાસ ઉભો કરવા પ્રયાસ કર્યો હતો પરંતુ ફાવી શકી નહોતી.

**AI ને ટેમ્પરરી સ્લોડાઉન કરવું** એલન મસ્ક, એપલના કો ફાઉન્ડર સ્ટીવ વોઝનીક અને ઈઝરાયલના ભવિષ્ય વાદી યુવલ નોહાએ એક સંયુક્ત ઓપન લેટરમાં અનુરોધ કર્યો હતો કે છેં પરના સંશોધનો પર છ માસ માટે બ્રેક મારી દેવા કે તેને મંદ પાડી દેવા જોઈએ.

**સિલિકોન વેલી બેંક ડૂબ્યા** સિલિકોન વેલી બેંક તૂટી તે અહેવાલો જંગલમાં પ્રસરેલી આગની જેમ પ્રસરી ગયા હતા. ખુદ અમેરિકાના પ્રમુખ જો બાઇડને અમેરિકાના લોકોને કહેવું પડ્યું હતું કે અમેરિકાની બેંકીંગ સિસ્ટમ મજબૂત છે અને કોઈને પણ વાંધો આવે તેમ નથી. બેંક નબળી પડી છે તેવા અહેવાલના ૪૮ કલાકમાં તો ડિપોઝીટ પરત મેળવવા મોટી લાઈનો લાગી ગઈ હતી.

## તંત્રીસ્થાનેથી...

# ભારતીય જહાજો ટાર્ગેટ, ઈરાનના ડ્રોન એટેક પાછળ ચીનની ચાલ



છેલ્લા બે મહિનાથી ચાલી રહેલા ઈઝરાયલ વર્સીસ હમાસના યુધ્ધની ઝાળે અંતે ભારતને પણ દઝાડયું છે અને બે દિવસમાં બે ભારતીય જહાજો પર હુમલા થયા છે. પહેલો હુમલો શનિવારે ગુજરાતના વેરાવળથી ૩૭૦ કિલોમીટર દૂર ક્રૂડ ઓઈલ લઈને આવતા ટેંકર પર થયો. એમવી કેમ પ્લુટો નામનું આ જહાજ જાપાનની કંપનીની માલિકીનું છે, એક ડચ કંપની તેને ચલાવે છે અને તેના પર લાયબ્રેરીયાનો ફ્લેગ છે પણ જહાજ સાઉદી અરેબિયાથી ભારત આવતું હતું, જહાજના ક્રૂ મેમ્બર્સ પણ ભારતીય હતા. સૌથી મહત્વની વાત એ છે કે, જહાજ હિંદ મહાસાગરમા હતું કે જ્યાં ઈઝરાયલ-હમાસ યુધ્ધની કોઈ અસર નથી.

બીજો હુમલો એમ.વી. સાઈબાબા નામના જહાજ પર થયો. આ જહાજ ગેબોનની કંપનીની માલિકીનું છે પણ તેના પર તો ભારતીય ધ્વજ જ હતો. આ બંને ઘટનામાં ડ્રોનથી હુમલો કરાયા પછી સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી પણ સામાન્ય આગ લાગી હતી કે જેને તરત જ બુઝાવી દેવાતાં બીજું કોઈ નુકસાન ના થયું. આ જહાજ પણ ક્રૂડ ઓઈલ લઈને ભારત આવી રહ્યું હતું. આ બંને હુમલામાં સૌથી ચોંકાવનારી વાત એ છે કે, અમેરિકાના લશ્કરી હેડક્વાર્ટર પેન્ટોગાને હુમલા માટે સીધું ઈરાન પર દોષારોપણ કર્યું છે. પેન્ટાગોનના રીપોર્ટ પ્રમાણે, એમ.વી. સાઈબાબા પર થયેલો હુમલો ઈરાનના પીઠુ હુથી બળવાખોરોએ કરેલો જ્યારે ગુજરાતના દરિયાકાંઠાની નજીક થયેલો હુમલો તો સીધો ઈરાનમાંથી કરાયો હતો.આ જહાજો પર હુમલો થયો ત્યારે ભારતીય જહાજોની આસપાસ અમેરિકા કે ઈઝરાયલને મદદ કરતા બીજા કોઈ દેશનું જહાજ પણ નહોતું. બીજા દેશનું જહાજ હોય તો એવું માની લેવાય કે, એ જહાજને ટાર્ગેટ કરવા જતાં ભારતીય જહાજ નિશાન બની ગયું હોઈ શકે પણ એવી ભૂલને કોઈ અવકાશ નથી. રેડ સીમાં જે જહાજ પર હુમલો થયો તેના પર તો ભારતીય ધ્વજ હતો છતાં ઈરાનના પાલતુ હુથી આતંકીઓએ હુમલો કર્યો. હિંદ મહાસાગરમાં થયેલો હુમલો તો ભારતીય દરિયાઈ સીમામાં થયો એ જોતાં ટાર્ગેટ ભારત જ હતું એ સ્પષ્ટ છે.

પેન્ટાગોને ભારતીય સરહદમાં અને ભારતીય જહાજ પર થયેલો હુમલો સીધો ઈરાનમાંથી થયો હતો એવો દાવો કર્યો એ મુદ્દે ઈરાન ચૂપ છે. ઈરાને પોતે આ હુમલો ના કર્યો હોય તો તેણે તરત જ સ્પષ્ટતા કરી હોત કે, આ હુમલો અમે નથી કરાવ્યો ને અમેરિકા ખોટું બોલે છે. આ કિસ્સામાં ઈરાન એકદમ ચૂપ છે તેથી હુમલો તેણે જ કરાવ્યો છે એ સ્પષ્ટ છે.

ભારત માટે આ વાત આઘાતજનક છે કેમ કે ઈરાન સાથે ભારતના સંબંધો હંમેશાં સારા રહ્યા છે. ઈરાને પરમાણુ બોમ્બ બનાવ્યો હોવાની શંકાથી અમેરિકાએ તેના પર આકરા પ્રતિબંધો લાદીને ક્રૂડ ઓઈલના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો એ પહેલાં ભારત ઈરાન પાસેથી મોટા પ્રમાણમાં ક્રૂડ ખરીદતું હતું. બલ્કે ઈરાન ભારતનું બીજા નંબરનું સૌથી મોટું ક્રૂડ સપ્લાયર હતું. ભારત દુનિયાભરમાંથી ક્રૂડ ખરીદતું તેમાંથી લગભગ ૨૫ ટકા ક્રૂડ ઈરાનમાંથી આવતું હતું.

ભારત અને ઈરાનના સંબંધો એટલા સારા હતા કે, ક્રૂડના બદલામાં ઈરાનને ભારત ઘઉં અને ચોખા આપતું હતું કે જેથી ઈરાનની ખાદ્યાન્નની સમસ્યા ઉકેલાય. રશિયાએ ક્રૂડ ઓઈલનું પેમેન્ટ ભારતીય રૂપિયામાં લીધું એ રીતે ઈરાન પણ અમેરિકન ડોલરના બદલે ભારતીય ચલણમાં ક્રૂડનું પેમેન્ટ લેતું હતું. ભારતે ઈરાનમાં ઝારંજ-દેલરામ હાઈવે બાંધી આપ્યો છે. ઈરાનના ચાબહાર પોર્ટના વિકાસમાં પણ ભારત-ઈરાન ભાગીદાર હતાં.

અમેરિકા અને ઈરાન વચ્ચે બાપે માર્યાં વેર છે તેથી ઈરાનના વિદ્યાર્થી અમેરિકા કે યુરોપના દેશોમાં ભણવા જઈ શકતા નથી. ભારત ઈરાનના વિદ્યાર્થીઓને લાલ જાજમ પાથરીને આવકારે છે તેથી દર વર્ષે દસેક હજાર ઈરાની વિદ્યાર્થી હજુય ભારતમાં ઉચ્ચ શિક્ષણ માટે આવે છે. ભારત અને ઈરાન વચ્ચેના ગાઢ સંબંધોને જોતાં ઈરાન ભારતના જહાજોને નિશાન બનાવીને ડ્રોન હુમલો કરે એ વાત આઘાતજનક કહેવાય.

વૈશ્વિક બાબતોના નિષ્ણાતોના મતે, ઈરાને ભારતને ટાર્ગેટ કર્યું તેની પાછળ ચીન હોઈ શકે છે. ભારતે અમેરિકાથી ડરીને ઈરાન પાસેથી ક્રૂડ ઓઈલ લેવાનું બંધ કર્યું ત્યારે ઈરાને ભારતને ક્રૂડ ઓઈલ તથા બીજો વેપાર ચાલુ રાખવા રીતસરની આજીજીઓ કરેલી.

# ઓળખી કઢાયેલી ચાર નવી જાતિઓ, ગરીબ, યુવા, મહિલા તથા કિસાનની હાલત પર નજર

## વિચાર મંથન

**ભારતમાં** ચાર જાતિઓ હોવાનો સ્વીકાર ડહાપણભર્યો છે. પરંતુ હકીકતમાં અહીં ચાર વર્ણો અને અસંખ્ય જાતિઓ છે જેનો આંક હજારોમાં જાય છે. ચાર વર્ણમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શુદ્રનો સમાવેશ થાય છે. કહેવાતી 'અછૂત' જાતિને શુદ્રથી નીચે મૂકવામાં આવી હતી. તેમને દલિતો તરીકે ઓળખવામાં આવે છે. આ ચાર વર્ણો ભારતમાં અશાંતિનું કારણ રહ્યા છે, જે વંશવાદ, પૂર્વગ્રહ, રોજગારમાં તફાવત, હેરફેરમાં પ્રતિબંધ ઊભા કરે છે એટલું જ નહીં દેશમાં વિકાસના ફળોનો લાભ મેળવવામાંથી ૨૫ ટકા લોકોને વંચિત રાખે છે. માટે, હું વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઘડી કાઢેલી ચારી જાતિઓ - ગરીબ, યુવા, મહિલા તથા કિસાનને આવકારું છે. જો કે જાતિ શબ્દ પ્રત્યે મને રોષ છે. તેમ છતાં આપણે તેને બાજુ પર મૂકી આપણી જાતને જ પૂછીએ કે આ ચાર જાતિઓ મોદીના ભારતમાં કેવી સ્થિતિમાં છે?

**ગરીબો:** એક અંદાજ પ્રમાણે દેશની વસતિના ૧૬ ટકા અથવા તો ૨૨.૮૦ કરોડ લોકો ગરીબ છે. આ આંકડો એકદમ નીચલી ગરીબી રેખાને આધારે છે એટલે કે મહિને માથાદીઠ રૂપિયા ૧૨૮૬ની આવક સાથેની શહેરી વ્યક્તિ તથા મહિને માથાદીઠ રૂપિયા ૧૦૮૯ની આવક સાથેની ગ્રામ્ય વ્યક્તિને ગરીબની વ્યાખ્યામાં આવરી લેવામાં આવે છે. ૧૯૯૧માં હાથ ધરાયેલા ઉદારીકરણના પગલાં તથા અર્થતંત્ર ખુલ્લુ મૂકાવાને કારણે અસંખ્ય લોકો ગરીબી રેખાની ઉપર આવી ગયા છે. જો કે આ આંકડાને બીજી રીતે જોઈએ તો, દેશની વસતિના નીચલા સ્તરના પચાસ ટકા લોકો દેશની કુલ અસ્કયામતોના માત્ર ત્રણ ટકા જ ધરાવે છે અને દેશની કુલ આવકમાં તેમનો હિસ્સો માત્ર ૧૩ ટકા છે.

બાળકોમાં, ૩૨.૧૦ ટકા આવશ્યકતા કરતા ઓછું વજન ધરાવતા હતા, ૧૯.૩૦ ટકા પ્રમાણમાં નબળા હતા અને ૩૫.૫૦ ટકા અવિકસિત હતા. ૧૫-૪૯ની વયજુથમાંની પચાસ ટકાથી વધુ મહિલાઓ રકતક્ષીણતા ધરાવતી હતી. દેશની વસતિના ૫૭ ટકા એટલે કે ૮૧ કરોડ લોકોને સરકારે પાંચ વર્ષ સુધી દર મહિને વ્યક્તિ દીઠ પાંચ કિલો નિઃશુલ્ક અનાજ આપવાનું



જાહેર કર્યું છે એટલે કે સરકાર પોતે માને છે કે દેશમાં વ્યાપક પ્રમાણમાં કુપોષણતા તથા ભૂખમરો છે.અઝિમ પ્રેમજી યુનિવર્સિટીના ભારતમાં કામની સ્થિતિ અંગેના ૨૦૨૩ના રિપોર્ટમાં અને પીરિયોડિક લેબર ફોર્સ સર્વે પ્રમાણે, ભારતમાં ત્રણ પ્રકારના શ્રમિકોની માસિક આવક ૨૦૧૭-૧૮થી ૨૦૨૨-૨૩ના ગાળામાં સ્થિર રહી હતી. આમ દેશના માત્ર ૧૬ ટકા લોકો જ ગરીબ છે તેવો અંદાજ ભૂલભરેલો છે.

**યુવાનો:** ભારતની વસતિના પચાસ ટકા ૨૮ વર્ષથી નીચેની વયના છે. પીએલએફએસ (જુલાઈ ૨૦૨૨-જૂન ૨૦૨૩) પ્રમાણે, ૧૫-૨૯ વર્ષની વયની વ્યક્તિઓમાં બેરોજગારીનો દર ૧૦.૦૦ ટકા હતો. (ગ્રામ્ય વિસ્તારમાં ૮.૩૦ ટકા તથા શહેરી ક્ષેત્રમાં ૧૩.૮૦ ટકા). ભારતમાં કામની સ્થિતિ અંગેના ૨૦૨૩ના રિપોર્ટ પ્રમાણે, ૨૫ વર્ષથી નીચેની વયના સ્નાતકોમાં બેરોજગારીનો દર ૪૨.૩૦ ટકા હતો. સ્નાતક જેમ મોટો થતો જાય તે બેરોજગારીનો દર ઘટતો જાય છે, ઘણો સમય રાહ જોયા બાદ નોકરી મળે છે. આમછતાં ૩૦-૩૪ વર્ષની વયના સ્નાતકોમાં બેરોજગારીનો દર ૯.૮૦ ટકા હતો.

આંતરિક સ્થળાંતર તથા ગુનાખોરીના બનાવોમાં વધારામાં બેરોજગારીનું પ્રતિબિંબ પડે છે. સરકાર દર વર્ષે બે કરોડ રોજગાર ઊભા કરશે તેવું વચન ચૂંટણી જુમલો પૂરવાર થયું છે. જુલાઈ, ૨૦૨૩માં સંસદમાં એક પ્રશ્નના લેખિત ઉત્તરમાં સરકારે જણાવ્યું હતું કે, માર્ચ, ૨૦૨૨માં ૯,૬૪,૩૫૯ સરકારી નોકરીઓ ખાલી પડી હતી, પરંતુ મોટેપાયે બેરોજગારી બાબત સરકાર પાસે કોઈ જવાબ નહોતો. યુવા બેરોજગારી એક એવો લાવા છે જે ગમે ત્યારે ભભુકી શકે છે.

**મહિલાઓ:** દેશની કુલ વસતિના પચાસ ટકા મહિલાઓ છે અને તેમનામાં પછાતપણાંના અનેક કારણો છે. ખાસ કરીને જટિલ સામાજિક તથા સાંસ્કૃતિક ધોરણો, નીચા શિક્ષણ, ઓછી મિલકત, ઊંચી બેરોજગારી, જાતિ ભેદભાવ તથા તેમની સામે આચરાતા ગુના. એનસીઆરબી રિપોર્ટ, ડિસેમ્બર ૨૦૨૩ પ્રમાણે, ૨૦૨૧ની સરખામણીએ ૨૦૨૨માં મહિલાઓ વિરુદ્ધ ગુનામાં ચાર ટકા વધારો થયો હતો. ગયા વર્ષે મહિલાઓ પર થયેલા અત્યાચારના ૪.૪૫ લાખ કેસ નોધાયા હતા. આ અત્યાચારમાં મોટેભાગે પરિવારના સભ્યો દ્વારા ક્રુરતા, ઘરેલું હિંસા, અપહરણ, જાતિય સતામણી, બળાત્કાર તથા દહેજની માગણીનો સમાવેશ થતો હતો.

જાતિય ભેદભાવ સમાજના દરેક સ્તરે જોવા મળે છે ખાસ કરીને આવકની બાબતમાં. પુરુષ શ્રમિકો મહિલા શ્રમિક કરતા ૪૮ ટકા કરતા વધુ આવક કરે છે જ્યારે કાયમી ધોરણના વેતન કામદારો મહિલા કામદારો કરતા ૨૪ ટકા વધુ આવક કરે છે. શહેરી મહિલામાંથી ૨૧.૯૦ ટકા કામ કરે છે જ્યારે પુરુષો માટે આઆંક ૬૯.૪૦ ટકા છે. શહેરી મહિલા માટે લેબર ફોર્સ પાર્ટિસિપેશન રેટ ૨૪ ટકા છે જ્યારે પુરુષોનો ૭૩.૮૦ ટકા છે. વર્લ્ડ બેન્કના રિપોર્ટ પ્રમાણે, ૨૦૦૪-૦૫થી ૨૦૧૧-૧૨ના ગાળામાં ૧.૯૬ કરોડ મહિલાઓએ રોજગાર છોડી દીધા હતા. આ અસમાનતાને બેધ્યાન કરવાનો અર્થ હજુ આવનારા અનેક દાયકાઓ સુધી મહિલાઓ દબાણ હેઠળ રહેશે.

**ખેડૂતો:** ૨૦૧૪થી ૨૦૨૨ના ગાળામાં ખેડૂત આત્મહત્યાની ઘટનાઓ ઘણી જ ઊંચી રહી છે. ખેત મજુરોની સંખ્યાને ઉમેરવામાં આવે તો ૨૦૨૦, ૨૦૨૧ તથા ૨૦૨૨માં આત્મહત્યાનો આંક ૧૦૬૦૦, ૧૦૮૮૧ તથા ૧૧૨૯૦ રહ્યો હતો. ખેડૂતો દર વર્ષે વિક્રમી ઘઉં તથા ચોખાનું ઉત્પાદન કરે છે જે સરકારી સ્ટોક પરથી સમજી શકાય છે, આમછતાં દેશના ખેડૂતો ગરીબ જ રહ્યા છે. જ્યારે કૃષિ પેદાશોના ભાવ નીચા રહે છે ત્યારે ખેડૂતોએ સહન કરવું પડે છે અને જ્યારે ભાવ વધી જાય છે ત્યારે સરકાર નિકાસ પર અંકૂશો લાવી દે છે. ખેડૂતોની દયાજનક સ્થિતિ માટે ઓછી જમીન, કાચા માલના ભાવમાં વધારો, અપૂરતી એમએસપી, પ્રતિકૂળ આયાત-નિકાસ નીતિ, કુદરતી આફતો જવાબદાર છે. ખેડૂતોને વિશ્વાસમાં લીધા વગર સરકારે જ્યારે કૃષિ કાનૂનો લાગુ કરવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે દેશમાં ખેડૂતોનો રોષ જોવા મળ્યો હતો.

## ભારત, અમેરિકા, રશિયા, ચીન...
## મહાસત્તાઓ વચ્ચે ફસાયું બાંગ્લાદેશ

# શેખ હસીના હવે શું કરશે?


**બાંગ્લાદેશ** સામાન્ય ચૂંટણી પહેલા જ વૈશ્વિક મહાસત્તાઓ વચ્ચે અટવાઈ ગયુ છે. ભારત, ચીન, અમેરિકા અને રશિયા બાંગ્લાદેશમાં પોતાનો પ્રભાવ વધારવામાં વ્યસ્ત છે. ગયા મહિને ત્રણ રશિયન યુદ્ધ જહાજોએ બાંગ્લાદેશના ચિત્તાગોંગ બંદર પર ત્રણ દિવસ સુધી પડાવ નાખ્યો હતો. રશિયન મીડિયાએ અહેવાલ આપ્યો છે કે છેલ્લા 50 વર્ષમાં આ પ્રકારની પ્રથમ મુલાકાત હતી. આ સમયગાળા દરમિયાન, રશિયન નૌકાદળના અધિકારીઓએ તેમના બાંગ્લાદેશી સમકક્ષો સાથે બેઠકો યોજી અને સંયુક્ત કવાયતમાં પણ ભાગ લીધો. આ ઘટનાએ અમેરિકાને ચોંકાવી દીધું બાંગ્લાદેશ ચૂંટણીને લઈને અમેરિકા શેખ હસીના સરકાર પર સતત દબાણ વધારી રહ્યું છે. બીજી તરફ ભારતે પણ અમેરિકાને બાંગ્લાદેશને લઈને વિચારશીલ નિવેદનો આપવા અને સાવચેત રહેવાની સલાહ આપી છે. ચીને પણ બાંગ્લાદેશમાં મોટા પાયે રોકાણ કરીને પોતાનો પ્રભાવ વધાર્યો છે.



અનંત
સંદીપ હીરપરા

રશિયન યુદ્ધ જહાજોના રોકાણના લગભગ એક વર્ષ પહેલાં, તે જ બાંગ્લાદેશે, યુએસના દબાણ હેઠળ, પરમાણુ પાવર પ્લાન્ટ્સ વહન કરતા રશિયન કાર્ગો જહાજને પ્રવેશ આપવાનો ઈનકાર કર્યો હતો. ત્યારે બાંગ્લાદેશે માત્ર એટલું જ કહ્યું હતું કે અમેરિકાએ આ જહાજ પર પ્રતિબંધ લગાવી દીધો છે. બાંગ્લાદેશે યુએસ પ્રતિબંધો હેઠળ 69 વધારાના રશિયન કાર્ગો જહાજો સામે પ્રતિબંધોની જાહેરાત કરી હતી. આ જહાજોને બાંગ્લાદેશમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. પરંતુ, અમેરિકા સાથે તણાવ વધતાં બાંગ્લાદેશે યુ-ટર્ન લીધો અને રશિયા સાથેના સંબંધો સુધારવાનું શરૂ કર્યું. મિત્રતાની આ સ્ક્રિપ્ટ વચ્ચે, રશિયન યુદ્ધ જહાજોને બાંગ્લાદેશી બંદરે પ્રથમ વખત મહેમાન તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે ચૂંટણી પછી અમેરિકા બાંગ્લાદેશ સાથેના સંબંધોની સમીક્ષા કરી શકે છે. જો બાંગ્લાદેશનો વિપક્ષ ધાંધલધમાલનો આરોપ લગાવીને ચૂંટણીનો બહિષ્કાર કરવાનું ચાલુ રાખશે તો અમેરિકાને કાર્યવાહી કરવાની ફરજ પડશે. જો વોશિંગ્ટન ઢાકા સાથેના સંબંધોને ડાઉનગ્રેડ કરે છે, અથવા વધારાની શિક્ષાત્મક નીતિઓ લાદે છે, તો તે બાંગ્લાદેશને ચીન અને રશિયાની નજીક ધકેલી શકે છે. આનાથી ભારતને સીધું નુકસાન થશે, કારણ કે બાંગ્લાદેશમાં ચીનની વધેલી હાજરી માત્ર નવી દિલ્હી માટે જ ખતરો ઉભી કરશે, જ્યારે યુએસ હજુ પણ ચૂપચાપ આ શો જોવાનું પસંદ કરી શકે છે.

ચીને છેલ્લા એક દાયકામાં બાંગ્લાદેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં નોંધપાત્ર રોકાણ કર્યું છે. એટલું જ નહીં ચીને બાંગ્લાદેશમાં સબમરીન બેઝ બનાવવાનું કામ પણ શરૂ કરી દીધું છે. આ સબમરીન બેઝ બાંગ્લાદેશ નેવી માટે બનાવવામાં આવી રહ્યું છે, પરંતુ તેના નિર્માણમાં ચીનની ભાગીદારીથી ભારત ચિંતિત છે. બાંગ્લાદેશમાં ચીનની વધતી હાજરી અને બાંગ્લાદેશના વિશાળ દરિયાઈ વિસ્તારમાં ચીનની વધતી નૌકા શક્તિએ ભારત અને અમેરિકાને પરેશાન કર્યા છે.



## Gadgets ગુરૂ

### Oppo A59 5G સ્માર્ટફોન ભારતમાં લોન્ચ

ટેક કંપની Oppoએ શુક્રવારે ભારતમાં નવો લો બજેટ સ્માર્ટફોન Oppo A59 5G લોન્ચ કર્યો છે. આ સ્ટાઈલિશ દેખાતા મોબાઈલમાં 6.56 ઈંચ FHD+ ડિસ્પ્લે અને 13MP કેમેરા સાથે 5000 mAh બેટરી છે. બજેટ ફ્રેન્ડલી ફોનની ડિઝાઈન વિશે વાત કરવામાં આવે તો તેની સ્લિમ બોડી ડિઝાઈન હાથમાં આરામદાયક લાગે છે, જે ફોનને પ્રીમિયમ લુક આપે છે. આ સ્માર્ટફોન નવેમ્બરમાં લૉન્ચ થયેલા Oppo A58ને રિપ્લેસ કરશે.

- ઓક્ટાકોર પ્રોસેસર 2.2 GHz
- Mali-G57 GPU
- 4GB અને 6GB રેમને સપોર્ટ
- 128GB ઈન્ટરનલ સ્ટોરેજ
- ડ્યુઅલ રિયર કેમેરા સેટઅપ
- 6.56 ઈંચની HD+ ડિસ્પ્લે

ભારતની સ્પેસ એજન્સી ઈસરોએ 2023ના વર્ષમાં અનેક મોટી સિદ્ધિ હાંસલ કરી...

# ચંદ્રયાન, આદિત્ય L1 અને ગગનયાન; ISROએ આ રીતે વિશ્વને ભારતની તાકાત બતાવી...

**નવી દિલ્લી: આકાશને સ્પર્શવાનું માનવીનું સપનું 1969માં પૂરું થયું. આ વર્ષે, પ્રથમ વખત, માનવીએ ચંદ્ર પર પગ મૂક્યો. અને ખાસ વાત એ છે કે ભારત સ્પેસ એજન્સી ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન એટલે કે ઈસરોની સ્થાપના પણ આ વર્ષે કરવામાં આવી હતી. તેની સ્થાપનાના 54 વર્ષ પછી, ISRO એ ચંદ્રથી સૂર્ય સુધીના મિશન શરૂ કર્યા છે. અત્યાર સુધીમાં અમે 424 વિદેશી ઉપગ્રહો લોન્ચ કર્યા છે. આમાંથી 90 ટકા (389) થી વધુ ઉપગ્રહો છેલ્લા 9 વર્ષમાં લોન્ચ કરવામાં આવ્યા છે. અમેરિકા, યુનાઈટેડ કિંગડમ અને સિંગાપોર જેવા દેશોએ ભારતીય ટેક્નોલોજીમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે. આ વર્ષે ISRA એ વધુ એક પગલું આગળ વધાર્યું અને ઈતિહાસ રચ્યો. ચંદ્રયાન-3એ દુનિયાને જણાવ્યું કે ભારત કેટલું તૈયાર છે. વિશ્વમાં ભારતનો ધ્વજ ફરકાવ્યો. માત્ર ચંદ્રયાન જ નહીં, ઈસરોએ આ વર્ષે આવા અનેક મિશન લોન્ચ કર્યા જેની ચર્ચા આખી દુનિયામાં થઈ. જાણો તેમના વિશે......**

## બાય-બાય 2023 - વેલકમ 2024

### ફેબ્રુઆરી 10: SSLV-D2/EOS-07 મિશન



ISRO એ તેનું સૌથી નાનું રોકેટ, સ્મોલ સેટેલાઇટ લોન્ચ વ્હીકલ (SSLV) પ્રથમ વખત સફળતાપૂર્વક લોન્ચ કર્યું. SSLV-D2, EOS-07, Janus-1 અને AzaadiSAT-2 ઉપગ્રહોની મદદથી 450 કિમીની ગોળાકાર ભ્રમણકક્ષામાં મૂકવામાં આવ્યા હતા. આ મિશનમાં અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઇટ EOS-07ને અવકાશમાં મોકલવામાં આવ્યો હતો. તેનું વજન 156.3 કિલો છે અને તેને ISRO દ્વારા જ ડિઝાઈન કરવામાં આવ્યું છે. AzaadiSAT-2 સેટેલાઈટ એ Kidz ઈન્ડિયાના નેતૃત્વ હેઠળ ભારતની લગભગ 750 વિદ્યાર્થીનીઓનો સંયુક્ત પ્રયાસ છે.

### 26 માર્ચ: OneWeb India-2 મિશન



આ મિશનમાં, ISRO એ LVM3 પ્રક્ષેપણ વાહનમાંથી વનવેબ ગ્રુપ કંપનીના 36 ઉપગ્રહોને 87.4 ડિગ્રીના ઝોક સાથે 450 કિલોમીટરની પરિપત્ર ભ્રમણકક્ષામાં મૂક્યા હતા. કુલ 5 હજાર 805 કિલો વજન સાથે રોકેટે ઉડાન ભરી હતી. આ મિશન એ અર્થમાં જટિલ હતું કે તમામ ઉપગ્રહોને નિશ્ચિત સમય પછી એવી રીતે સ્થાપિત કરવાના હતા કે તેઓ એકબીજા સાથે અથડાય નહીં અને તેઓ ચોક્કસ ભ્રમણકક્ષામાં પણ સ્થાપિત થાય. ISROના સૌથી ભારે પ્રક્ષેપણ વાહન LVM3ની આ સતત છઠ્ઠી સફળ ઉડાન હતી.

### એપ્રિલ 2: ફરીથી વાપરી શકાય તેવું લોન્ચ વ્હીકલ ઓટોનોમસ લેન્ડિંગ મિશન



ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) એ DRDO અને ઈન્ડિયન એરફોર્સની મદદથી રિયુઝેબલ લોન્ચ વ્હીકલ ઓટોનોમસ લેન્ડિંગ મિશન (RLV LEX) સફળતાપૂર્વક હાથ ધર્યું. ભારતીય વાયુસેનાના ચિનૂક હેલિકોપ્ટર દ્વારા ફરીથી વાપરી શકાય તેવા પ્રક્ષેપણ વાહનને 4.5 કિમીની ઉંચાઈ પર લઈ જવામાં આવ્યું હતું અને હવામાં છોડવામાં આવ્યું હતું.

### 19 એપ્રિલ: PSLV-C55/TeLEOS-2 મિશન



ISRO એ આંધ્રપ્રદેશના સતીશ ધવન સ્પેસ સેન્ટરમાંથી બે સિંગાપોર ઉપગ્રહો TeLEOS-2 અને LUMELITE-4 લોન્ચ કર્યા. માહિતી અનુસાર, TeLEOS-2 સેટેલાઇટ તમામ હવામાન પરિસ્થિતિઓમાં દિવસ અને રાત્રિ કવરેજ પ્રદાન કરવામાં સક્ષમ હશે. LUMELITE-4 નો હેતુ વૈશ્વિક શિપિંગ સમુદાયને લાભ આપવાનો છે. આ મિશનમાં ISROનું PSLV ઓર્બિટલ એક્સપેરિમેન્ટલ મોડ્યુલ એટલે કે POEM પણ સામેલ હતું.



### હવે 2024ની તૈયારી

સંસદના ચાલુ શિયાળુ સત્રના પ્રશ્નકાળ દરમિયાન સરકારે આગામી બે વર્ષમાં લોન્ચ થનારા ઈસરોના અવકાશ મિશન વિશે માહિતી આપી છે. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી ડો.જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે ઈસરોએ 2024 અને 2025માં લોન્ચ કરવાના મિશનની યોજના બનાવી છે. આ મિશનમાં સમાવેશ થાય છે- INSAT-3DS, RISAT-1B, Resourcesat-3, TDS01, SPADEX, Oceansat-3A, IDRSS, GSAT-20 અને NVS-02. આ સિવાય ગગનયાન મિશન દ્વારા 3 ભારતીયોને અવકાશમાં મોકલવાની તૈયારીઓ ઝડપથી ચાલી રહી છે. મંગળ પછી, અવકાશ એજન્સીનું ધ્યાન હવે શુક્ર પર કેન્દ્રિત છે. ISROનું અવકાશયાન 'શુક્રયાન-1' ડિસેમ્બર 2024ના અંત સુધીમાં લોન્ચ થવાની સંભાવના છે. આગામી વર્ષોમાં, ISRO પૃથ્વીની દેખરેખ રાખવા અને અવકાશમાં સૌથી અદ્ભુત વસ્તુઓ શોધવા માટે ત્રણ ઉપગ્રહો લોન્ચ કરશે. આ સિવાય અમેરિકાની સ્પેસ એજન્સી નાસા સાથે મળીને NISAR પર પણ કામ કરવામાં આવી રહ્યું છે. તેની મદદથી માત્ર 12 દિવસમાં આખી પૃથ્વીનું મેપ કરી શકાય છે. આમાંથી મેળવેલ ડેટા વૈજ્ઞાનિકોને ક્લાઈમેટ ચેન્જની અસરોને વધુ સારી રીતે સમજવા માટે માહિતી આપશે.

### 22 મે: GSLV-F12/NVS-01 મિશન




ઈસરોએ મે મહિનામાં આ મિશનમાંથી NVS-01 નામનો નેવિગેશન સેટેલાઈટ સ્થાપિત કર્યો હતો. તેનું વજન 2232 કિલો છે. તેણે 2016માં લોંચ કરાયેલા IRNSS-1G સેટેલાઇટનું સ્થાન લીધું. NVS-01 નેવિગેશન પેલોડનો સમાવેશ કરે છે. નેવિગેશન સેટેલાઇટનો ઉપયોગ રીઅલ-ટાઈમ જીઓ પોઝીશનીંગ માટે થાય છે.

### 14 જુલાઈ: ચંદ્રયાન-3



આ મિશન વર્ષનું સૌથી વધુ ચર્ચિત સ્પેસ મિશન છે. 14 જુલાઈના રોજ ચંદ્રયાન-3 પૃથ્વીથી ચંદ્ર પર લોન્ચ કરવામાં આવ્યું હતું. 40 દિવસની લાંબી મુસાફરી બાદ 23 ઓગસ્ટે ચંદ્રયાન-3 ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગ કરવામાં સફળ રહ્યું હતું. તેનો હેતુ ચંદ્રની સપાટી પર સુરક્ષિત ઉતરાણ અને રોવરની ક્ષમતા દર્શાવવાનો હતો. એટલું જ નહીં, ભારત દક્ષિણ ધ્રુવ પર ઉતરનાર પ્રથમ અને એકમાત્ર દેશ બન્યો. ચંદ્ર પર વિક્રમ લેન્ડરના સોફ્ટ લેન્ડિંગ પછી, પ્રજ્ઞાન રોવર તેમાંથી બહાર આવ્યું.

### 30 જુલાઈ: PSLV-C56/DS-SAR મિશન




ઈસરોએ 30 જુલાઈએ સિંગાપોરના સાત ઉપગ્રહો એકસાથે લોન્ચ કર્યા હતા. સામેલ DS-SAR ઉપગ્રહને સિંગાપોરની ડિફેન્સ સાયન્સ એન્ડ ટેક્નોલોજી એજન્સી (DSTA) અને ST એન્જિનિયરિંગ વચ્ચેની ભાગીદારી હેઠળ વિકસાવવામાં આવ્યો છે. તેનો ઉપયોગ સિંગાપોર સરકારની અંદર વિવિધ એજન્સીઓની સેટેલાઈટ ઈમેજરી જરૂરિયાતોને ટેકો આપવા માટે કરવામાં આવશે. તેમાં હાજર SAR પેલોડની મદદથી દરેક હવામાનમાં દિવસ અને રાત્રિ કવરેજ ઉપલબ્ધ થશે.

### સપ્ટેમ્બર 2: આદિત્ય-L1 મિશન



ISRO એ આ વર્ષે ભારતનું પ્રથમ સૌર મિશન આદિત્ય-L1 પણ લોન્ચ કર્યું હતું. આ મિશન અંતરિક્ષમાં L1 બિંદુ પરથી સૂર્યનો અભ્યાસ કરશે. L1 એટલે કે Lagrangian point પૃથ્વીથી લગભગ 15 લાખ કિલોમીટરના અંતરે સ્થિત છે. L1 પોઈન્ટ સુધી પહોંચવામાં લગભગ 4 મહિના લાગશે. આદિત્ય-L1 જાન્યુઆરી 2024માં L1 પોઈન્ટ સુધી પહોંચવાની અપેક્ષા છે.

### ઓક્ટોબર 21: ગગનયાન મિશન ટેસ્ટ ફ્લાઈટ



ઓક્ટોબર મહિનામાં, ISRO એ ગગનયાન મિશનની પ્રથમ ટેસ્ટ ફ્લાઈટ (ક્રુ મોડ્યુલ) સફળતાપૂર્વક લોન્ચ કરીને ઈતિહાસ રચ્યો હતો. ગગનયાન એ ભારતનું પ્રથમ માનવ અવકાશ મિશન છે. જેમાં ત્રણ ભારતીયોને ત્રણ દિવસ માટે અવકાશમાં મોકલવામાં આવશે. આ અવકાશયાત્રીઓને પૃથ્વીથી 400 કિલોમીટર ઉપર પૃથ્વીની ભ્રમણકક્ષામાં મોકલવામાં આવશે અને તેમને સુરક્ષિત રીતે પૃથ્વી પર પાછા લાવવામાં આવશે. જો આ મિશન સફળ થશે તો ભારત આ પ્રકારનું માનવ મિશન હાથ ધરનાર અમેરિકા, ચીન અને ભૂતપૂર્વ સોવિયત સંઘ પછી ચોથો દેશ બની જશે.

ભારતે જી-20 જેવી ઈવેન્ટને શાનદાર રીતે કરીને દુનિયાના દેશોનું દિલ જીતી લીધું

# ભારતે વૈશ્વિક ઈવેન્ટ કરી વિશ્વનું દિલ જીત્યું, G20 દ્વારા સાબિત કર્યું કે આપણે કોઈથી ઓછા નથી...

**નવી દિલ્લીઃ 2023 હવે વિદાય લઈ રહ્યું છે. નવું વર્ષ આવવા માટે તૈયાર છે. જે આપણા માટે નવા પડકારો, નવા મુકામ, નવી તકો અને નવી સિદ્ધિઓ લઈને આવશે. 1 જાન્યુઆરી, 2024 થી આ વર્ષ 2023 એક ઈતિહાસ બની જશે, પરંતુ એક એવો ઈતિહાસ જેણે ભારતનું નામ સુવર્ણ અક્ષરોમાં નોંધ્યું છે. માત્ર એક-બે નહીં, પરંતુ ભારતે 2023માં આવા અનેક દાખલા બનાવ્યા જે વિશ્વ માટે એક ઉદાહરણ બની ગયા. G20 પણ આમાંથી એક હતું. વિશ્વ મંચ જ્યાં મુત્સદ્દીગીરીની વાસ્તવિક રમત રમાય છે. સમિટનું સફળતાપૂર્વક આયોજન કરીને ભારતે ન માત્ર વિશ્વના દિલ જીતી લીધા, પરંતુ સમગ્ર વિશ્વને બતાવ્યું કે આપણે કોઈથી ઓછા નથી...**

## બાય-બાય 2023 - વેલકમ 2024



### ઈન્ડોનેશિયા તરફથી અધ્યક્ષપદ પ્રાપ્ત થયું હતું

2022માં ભારતને G20નું પ્રમુખપદ સોંપવામાં આવશે. નવેમ્બરમાં ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ જોકો વિડોડોએ PM મોદીને G20નું પ્રમુખપદ સોંપ્યું હતું. 1 ડિસેમ્બર, 2022 ના રોજ, ભારતે સત્તાવાર રીતે આ સૌથી મોટા આંતરરાષ્ટ્રીય મંચનું પ્રમુખપદ સંભાળ્યું અને આગામી 10 મહિનામાં વિશ્વના દરેક મોટા મુદ્દાઓ પર ચર્ચા કરી. ભારતે G20 ના પ્રમુખપદની ઉજવણી કરી. આ ભારત માટે ગર્વની ક્ષણ હતી, તેથી ભારતના 60 શહેરોમાં G20ની 200 બેઠકો યોજાઈ હતી, ત્યારબાદ 9 અને 10 સપ્ટેમ્બરે નવી દિલ્હીમાં સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું.

### સમસ્યાને બદલે ઉકેલ પર ચર્ચા

G20ને લઈને ભારતમાં અલગ-અલગ બેઠકો યોજાઈ હતી અને તેમાં બિઝનેસની સાથે સંસ્કૃતિ અને પર્યાવરણ જેવા વિષયોને પણ મહત્વ આપવામાં આવ્યું હતું. માત્ર સમસ્યાની ચર્ચા જ નહીં પરંતુ ઉકેલ પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. ભારતે પ્રેસિડેન્સીની નવી વ્યાખ્યા કરી અને સમિટને માત્ર એક શહેર અથવા દેશના એક ખૂણા સુધી મર્યાદિત રાખવાને બદલે તેનો વિસ્તાર કર્યો. દેશના તમામ 28 રાજ્યોના મુખ્ય શહેરોમાં જી-20 સમિટની બેઠકો યોજાઈ હતી.

### 125 દેશોના એક લાખ મહેમાનોની યજમાની

G20ની અધ્યક્ષતા કરીને ભારતે નવો ઈતિહાસ રચ્યો છે. દેશે આખા વર્ષ દરમિયાન 125 દેશોમાંથી 1 લાખથી વધુ મહેમાનોની યજમાની કરી. તેની સફળતા સાથે, ભારતે તેની લોજિસ્ટિક્સ, સંચાર કૌશલ્ય, હોસ્પિટાલિટી તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિશે વિશ્વને વાકેફ કર્યું. જ્યારે 9 અને 10 સપ્ટેમ્બરના રોજ સમિટ યોજાઈ હતી, ત્યારે 29 ખાસ આમંત્રિત દેશો અને 11 આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા. સભ્ય દેશો ઉપરાંત સંયુક્ત આરબ અમીરાત, બાંગ્લાદેશ, ઓમાન, સ્પેન, ઈજીપ્ત, મોરેશિયસ, નેધરલેન્ડ, નાઈજીરીયા અને સિંગાપોરને પણ આમંત્રિત કરવામાં આવ્યા હતા.

### સંયુક્ત મેનિફેસ્ટો પર સીલ

ભારતે G20 ની થીમ વન ફેમિલી, વન અર્થ, વન ફ્યુચર રાખી હતી, આ સમિટમાં પણ દેખાઈ હતી, તમામ પડકારો વચ્ચે ભારત પહેલા જ દિવસે એક સામાન્ય ઘોષણા પર સહમત થવામાં સફળ થયું. ભારત માટે આ એક મોટી સફળતા હતી કારણ કે આ પહેલા ઈન્ડોનેશિયામાં આવું થઈ શક્યું ન હતું. આ મેનિફેસ્ટો ન તો યુક્રેન યુદ્ધ દ્વારા પડછાયો હતો અને ન તો અન્ય કોઈ દેશના દાવપેચ દ્વારા.

### આફ્રિકનનું સ્વાગત, વિશ્વ મંચ પર માન્યતા

G20ની સૌથી મોટી સફળતા આફ્રિકન યુનિયનનો સમાવેશ હતો. ભારતે પોતે 54 દેશોના આ સંઘને G20માં સામેલ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. એવું માનવામાં આવતું હતું કે સભ્ય દેશો કદાચ આ માટે તૈયાર નહીં હોય, પરંતુ ભારતે સબકા સાથ સબકા વિકાસના સૂત્રને સાબિત કર્યું અને તમામ દેશોને આ માટે તૈયાર કરીને G20ને વધુ મજબૂત બનાવ્યું. G20 સમિટ દ્વારા ભારતે વિશ્વ મંચ પર પોતાની ઓળખ બનાવી. જી-20 સમિટ દરમિયાન પણ પીએમ મોદીએ એક નહીં પરંતુ 16 દેશો સાથે દ્વિપક્ષીય બેઠકો કરી હતી, જે પોતાનામાં એક રેકોર્ડ છે.

### મુદ્દાઓ પર સંમત થયા

G20માં ઘણા મોટા મુદ્દાઓ પર સર્વસંમતિ સધાઈ હતી. આતંકવાદની નિંદા કરવા ઉપરાંત ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સ શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં ભારત ઉપરાંત અમેરિકા અને બ્રાઝિલે ભાગ લીધો હતો. અન્ય દેશોએ તેને ટેકો આપ્યો. આ સિવાય ક્રિપ્ટો કરન્સીને ગ્લોબલ પોલિસી બનાવવાની સાથે મિડલ ઈસ્ટ અને યુરોપ ઈકોનોમિક કોરિડોર પર પણ સમજૂતી થઈ હતી. આમાં UAE, યુરોપ, ફ્રાન્સ, ઈટાલી, જર્મની અને અમેરિકા એકબીજા સાથે જોડાશે.

# આ વર્ષે આખી દુનિયામાં ફૂડ ટ્રેન્ડમાં રહ્યું « ભારતની આ 'વસ્તુ'ઓએ રેકોર્ડ બનાવ્યો અને તે લોકોના મન અને દાઢને વળગી ગઈ...

■ નવી દિલ્લી

આ વર્ષ એટલે કે 2023ને વિદાય આપવા માટે હવે માત્ર થોડા જ દિવસો બાકી છે. આ વર્ષ ઘણી બાબતો માટે યાદ રહેશે. આ વર્ષ દરમિયાન જ્યારે વિજ્ઞાન, શિક્ષણ અને રમતગમતમાં પ્રગતિ જોવા મળી હતી, ત્યારે લોકોએ સ્વાસ્થ્યનું પણ ખૂબ ધ્યાન રાખ્યું હતું. પરંતુ સ્વાસ્થ્ય ઉપરાંત લોકો તેમના સ્વાદનું પણ ખૂબ ધ્યાન રાખતા હતા. પરંતુ ગૂગલ સર્ચ દ્વારા કહેવામાં આવી રહ્યું છે. ચાલો જાણીએ કે આ વર્ષે ગૂગલ પર સૌથી વધુ શું સર્ચ કરવામાં આવ્યું.



**બાજરી** ગૂગલ સર્ચ પર બાજરો સૌથી વધુ સર્ચ કરવામાં આવે છે. મોટાભાગના લોકોએ બાજરીના ફાયદા અને ગેરફાયદા અને તેમાંથી બનેલી વાનગીઓ વિશે સર્ચ કર્યું. તમને જણાવી દઈએ કે બાજરીમાં જવ, બાજરી, કોદરા, રાગી અને કુટકી જેવા અનાજ જોવા મળે છે. તે જાણીતું છે કે પીએમ મોદી બાજરીને 'શ્રી અન્ના' પણ કહે છે.

**એવોકાડો** અમેરિકાના ફ્રૂટ એવોકાડોનું નામ ગૂગલ પર બીજા નંબરની સૌથી વધુ સર્ચ કરવામાં આવેલી વસ્તુમાં સામેલ છે. તમને જાણીને નવાઈ લાગશે કે તેને નોન-વેજ ફૂડનો સૌથી શક્તિશાળી વિકલ્પ માનવામાં આવે છે. તે સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ ફાયદાકારક છે.

**મટન રોગન જોશ** કાશ્મીરની પ્રખ્યાત વાનગી મટન રોગન જોશને ત્રીજું સ્થાન મળ્યું છે. જે લોકો નોન-વેજ ફૂડ પસંદ કરે છે તેઓ પણ મટન રોગન જોશને પસંદ કરે છે. કેલ્શિયમની ઉણપ નથી થતી અને હાડકા પણ મજબૂત રહે છે.

**સેડલ રોલ્સ** પ્રખ્યાત સ્ટ્રીટ ફૂડ કાથી રોલ પણ લોકોમાં ખૂબ જ લોકપ્રિય છે. ગુગલ પર સૌથી વધુ સર્ચ કરવામાં આવતા ખાદ્યપદાર્થોમાં કાથી રોલનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ખાસ વાત એ છે કે તે વેજ અને નોન-વેજ બંને રૂપમાં મળી આવી હતી.

### 2023નું વર્ષ ગુજરાતાં કુદરતી અને માનવસર્જિત અનેક આફતો લઈને આવ્યું

# 2023 ગુજરાત માટે સારી અને નરસી ઘટનાઓનું રહ્યુ સાક્ષી ગુજરાત વિધાનસભા બની પેપરલેસ

**અમદાવાદ:** વર્ષ 2023નું વર્ષ ગુજરાતની અનેક સારી અને ખરાબ ઘટનાઓનું સાક્ષી રહ્યુ છે. કુદરતી આફતોથી લઈને, ભ્રષ્ટાચાર, ડમી કાંડ, મહાઠગ ઝડપાવા જેવી અનેક ઘટનાઓ બની છે. તો બીજી તરફ ગુજરાતને ડાયમંડ બુર્સની ભેટ, ઈ-વિધાનસભાની શરુઆત જેવી ભેટ મળેલી છે. ગુજરાતમાં આ વર્ષે ખેડૂતોની દશા સૌથી માઠી રહી. કેમકે વારંવાર કમોસમી વરસાદના કારણે ખેડૂતોની મોટી નુકસાની વેઠવી પડી. તો અનેક જગ્યાએ કેનાલના પાણી ફરી વળતાં નુકસાન થયું. જોકે તેમ છતાં ખેડૂતોએ હાર માન્યા વિના પોતાની મહેનત કરવાનું સતત ચાલુ જ રાખ્યું છે. ભલે નુકસાન થાય, ખોટ જાય પરંતુ ખેડૂત ક્યારેય પોતાની માતા સાથે દગો કરતો નથી. આશા રાખીએ કે 2024નું વર્ષ ખેડૂતોની સાથે સાથે તમામ લોકો માટે સારું જાય,

## સુરતમાં ડાયમંડ બુર્સનું થયું લોકાર્પણ





**ડમી કાંડ** વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ ગાંધીનગર ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી સ્પર્ધાત્મક પરીક્ષા અને બોર્ડ, યુનિવર્સિટીની પરીક્ષામાં ડમી ઉમેદવારોને લઈને ખુલાસા કર્યા હતા. 2022માં ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલી MPHW ની પરીક્ષામાં ડમી ઉમેદવાર બેસાડવામાં આવ્યો હોવાનો ખુલાસો કરવામાં આવ્યો હતો.ડમી ઉમેદવારોના નામે ભરતી પરીક્ષા પાસ કરીને લોકો સરકારી નોકરી મેળવી રહ્યા હોવાનો આક્ષેપ કરાયો હતો. જો કે બાદમાં પોલીસને આ ડમી કાંડ બહાર લાવનાર નેતા યુવરાજસિંહ જાડેજા સામે જ સબળ પુરાવા મળ્યા હતા. જેના આધારે તેની ધરપકડ કરાઈ હતી. આ કેસમાં યુવરાજસિંહ જાડેજાના સાળા કાનભાની પણ સુરતથી ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં પૂછપરછ બાદ પોલીસે યુવરાજસિંહ જાડેજાના સાલા કાનભા ગોહિલ પાસેથી 38 લાખ રૂપિયા રિકવર કર્યા હોવાનું બહાર આવ્યું હતુ.

**ડાયમંડ બુર્સનું લોકાર્પણ** 17મી ડિસેમ્બર 2023ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વની સૌથી મોટી ઓફિસ બિલ્ડિંગ 'સુરત ડાયમંડ બુર્સ'નું લોકાર્પણ કર્યુ. ડાયમંડ બુર્સ આંતરરાષ્ટ્રીય ડાયમંડ અને જ્વેલરી ટ્રેડિંગ માટે વિશ્વનું સૌથી મોટું અને સૌથી આધુનિક કેન્દ્ર છે. સુરત ડાયમંડ બુર્સ બિલ્ડીંગ, વિશ્વનું સૌથી મોટું ઓફિસ સંકુલ 67 લાખ ચોરસ ફૂટથી વધારે વિસ્તારમાં ફેલાયેલું છે. SDB હવે દુનિયાની સૌથી મોટી ઓફિસ છે જેમાં અંદાજે 4,500 ડાયમંડ ટ્રેડિંગ ઓફિસ આવેલી છે. આ વિશાળ ઈમારત ડ્રીમ સિટીની અંદર 35.54 એકર જમીન પર બનેલી છે. જેમાં 300 ચોરસ ફૂટથી એક લાખ ચોરસ ફૂટ સુધીની ઓફિસો સાથે 15 માળના 9 ટાવર આવેલા છે.

**ઈ-વિધાનસભાનું લોન્ચિંગ** 13 સપ્ટેમ્બરે મળનારા ગુજરાત વિધાનસભાના સત્ર પહેલા 12 સપ્ટેમ્બરે ઈ-વિધાનસભાનું લૉન્ચિંગ કરવામાં આવ્યુ હતુ. આ સાથે જ વિધાનસભાની કામગીરી પેપરલેસ બની ગઈ છે. ગુજરાત વિધાનસભાની કામગીરી હવે ઓનલાઈન બની ગઈ છે.દરેક ધારાસભ્યને 2 ટેબ્લેટ આપવામાં આવ્યા છે. જેમાંથી એક ટેબ્લેટ ધારાસભ્ય પોતાની સાથે રાખી શકે છે. ગૃહની તમામ કામગીરીને ટેબ્લેટ દ્વારા સંચાલિત કરાય છે. એટલે કે ગૃહની તમામ માહિતી આંગળીના ટેરવે મળે છે.

**બિપરજોય વાવાઝોડું** બિપરજોય વાવાઝોડાએ વર્ષ 2023ના જૂન મંહિનાની શરૂઆતમાં ગુજરાતમાં તબાહી મચાવી હતી. બિપરજોય વર્ષ 1977 પછી ઉત્તર હિંદ મહાસાગરમાં સૌથી લાંબુ સક્રિય વાવાઝોડુ રહ્યુ હતું. બિપરજોયે માત્ર ભારત જ નહીં, પાકિસ્તાનને પણ અસર કરી હતી. તેના કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાંથી 1,80,000થી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. આ વાવાઝોડું અરબી સમુદ્રમાં કુલ 13 દિવસ અને ત્રણ કલાક સુધી સક્રિય રહ્યું હતું.ગુજરાતના અનેક જિલ્લાઓમાં તબાહી લાવનાર બિપરજોય વાવાઝોડાને લઈ કેન્દ્ર સરકારે જાહેરાત કરી છે.ગુજરાતને 338.24 કરોડ રુપિયાની નાણાકીય સહાય મંજૂરી કરી છે.

**ખેડા નશાયુક્ત સિરપ કાંડ** ખેડામાં નશાયુક્ત આયુર્વેદિક સિરપ પીવાથી 7 લોકોએ જીવ ગુમાવ્યા હતા. દેવ દિવાળીની રાત્રીએ બિલોદરા ગામમાં માંડવીનો પ્રસંગ હતો.બિલોદરા અને બગડુ ગામના નાગરિકો મોટી સંખ્યામાં માતાજીના માંડવીના ગરબાના પ્રસંગમાં એકઠા થયા હતા. જો કે રાત્રીના સમયે કેટલાક યુવકો દ્વારા રાત્રીના સમયે ચોક્કસ પ્રમાણનું એક પીણું પીવામાં આવ્યુ હતુ.જે પછી તમામની તબિયત લથડી હતી.સારવાર લઈ રહેલા દર્દીઓ અને મૃતકોના પોસ્ટ મોર્ટમ રિપોર્ટ અને બ્લડ સેમ્પલના રિપોર્ટમાં મિથેનોલ આલ્કોહોલની હાજરી મળી હતી.બિલોદરા ગામનો કરિયાણાની દુકાન ચલાવતો કિશોર નામનો શખ્સ આયુર્વેદિક સિરપનું વેચાણ કરતો હતો.તો સિરપની બોટલ પરના સરનામા પરનું સરનામુ પણ ખોટું હોવાનું તપાસમાં સામે આવ્યું હતુ.જે પછી સમગ્ર સિરપકાંડ બહાર આવ્યુ હતુ.



**ગિફ્ટ સિટીમાં દારુની છૂટ** ગાંધીના ગુજરાતના ગાંધીનગરમાં જ દારુની છુટ અપાઈ છે. ગિફ્ટ સિટીમાં દારૂની તો છૂટછાટ અપાઈ છે. ગિફ્ટ સિટીમાં રેસ્ટોરન્ટ, કલબ અને હોટલને લાયસન્સ મળશે. ગિફ્ટ સિટીમાં વિઝિટર પરમિટ કે ટુરિસ્ટ પરમિટ હશે તેમને દારૂની છૂટ નથી આપવામાં આવી છે. ગિફ્ટ સિટીમાં કામ કરતા લોકોએ પણ અધિકૃત અધિકારી પાસેથી પરવાનગી લેવી પડશે.

**અમદાવાદ ઇસ્કોન બ્રિજ અકસ્માત** 19 જુલાઈએ મોડી રાત્રે ઈસ્કોન બ્રિજ પર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત જોવા કેટલાક યુવકો બ્રિજ પર એકઠા થયા હતા. જે પછી તથ્ય પટેલે આ ટોળાના 9 લોકો પર પૂરજોશમાં જગુઆર કાર ચઢાવી દીધી હતી. આ તમામના મોત થયા હતા. 20 જુલાઈએ તથ્ય પટેલ અને તેના પિતાની ધરપકડ કરવામાં આવી હતી.અકસ્માત સમયે કારની સ્પીડ 137 કિમી હોવાનો રિપોર્ટમાં ખુલાસો થયો હતો. કોર્ટની મંજૂરીથી કલમ 308નો ઉમેરો કરવામાં આવ્યો હતો.

**મહાઠગ કિરણ પટેલની ધરપકડ** ગુજરાતી ઠગ કિરણ પટેલે જમ્મુ-કાશ્મીરના સરકારી અધિકારીઓને PMOના અધિકારી બનીને છેતર્યા હતા. કિરણ પટેલની જમ્મુ-કાશ્મીરની શ્રીનગર પોલીસે ધરપકડ કરી છે. કિરણ પટેલ પર આરોપ છે કે તેણે ખોટી ઓળખ આપીને સરકારી બાબુઓને ઉલ્લુ બનાવ્યા હતા. આરોપી કિરણ પટેલ ગયા વર્ષના ઓક્ટોબરથી કાશ્મીર ખીણની મુલાકાતે હતો. ધરપકડ કરવામાં આવે તે પહેલા કિરણે ઉરીની કમાન પોસ્ટથી, નિયંત્રણ રેખાની નજીક, શ્રીનગરના લાલ ચોક સુધી પોલીસ પ્રોટેક્શનમાં ફરી આવ્યો હતો. જમ્મુ-કાશ્મીર CIDને કેટલાંક ઈનપુટ મળ્યા હતા. જેમાં ખોટી ઓળખ આપીને ફરતા અધિકારીના ઈનપુટ આધારે શ્રીનગર પોલીસને કિરણ પટેલની અટકાયત કરી હતી.

**અંબાજી મંદિર પ્રસાદના ઘીમાં ભેળસેળનો વિવાદ** અંબાજી યાત્રાધામમાં ભાદરવી પૂનમના મેળા માટે મોહનથાળનો પ્રસાદ તૈયાર કરવા માટે જે ઘી મંગાવવામાં આવ્યું હતું તેમાં ભેળસેળ હોવાનું બહાર આવ્યું હતું. ફૂડ વિભાગે સેમ્પલ લઈને તપાસ કરતાં ઘીમાં ભેળસેળ હોવાનું સાબિત થયું હતું. જેને લઈને વિવાદ વધુ વકર્યો હતો.જતીન શાહ જે અંબાજી પ્રસાદ કેસમાં આરોપી છે. તેમની પેઢીમાંથી ડુપ્લીકેટ ઘી મોકલવામાં આવ્યું હતું. અંબાજી પ્રસાદ મામલે જતીન શાહની પોલીસે ધરપકડ પણ કરી હતી.બાદમાં નીલકંઠ ટ્રેડર્સના માલિક જતીન શાહે આપઘાત કરી લીધો હતો.

**મોહનથાળનો પ્રસાદ ફરી શરૂ કરાયો** અંબાજી મંદિરમાં મોહનથાળનો પ્રસાદ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને અન્ય કંપનીને ટેન્ડર આપવાનો વિચાર હાથ ધરાયો હતો. 12 દિવસ સુધી મોહનથાળના પ્રસાદનું વિતરણ બંધ કરવામાં આવ્યુ હતુ. અહીં આવતા દરેક ભક્તોની લાગણી હતી કે અંબાજીમાં મોહનથાળનો પ્રસાદ ચાલુ રાખવામાં આવે. ત્યારે આ મામલામાં અંતે સરકારે મધ્યસ્થી કરી હતી.

ગુજરાતના રાજકારણ માટે 2023નું વર્ષ ભાજપ માટે સૌથી ફાયદામાં રહ્યું

# વાયદા નિભાવવામાં ખરા ઉતર્યા CM ભૂપેન્દ્ર પટેલ, 1 વર્ષમાં વિકાસ કાર્યોનો રેકોર્ડ તોડી નાંખ્યો

ગાંધીનગર: ગુજરાત રાજ્યની કમાન હાથમાં લેનારા દાદાની સરકારનું એક વર્ષ પૂર્ણ થયુ છે. આજથી બરાબર એક વર્ષ પહેલાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની હાજરીમાં ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના વિકાસના વાયદા કર્યા હતા... ત્યારે એક વર્ષ બાદ ગુજરાતને શું સિદ્ધિઓ મળી અને દાદાએ ક્યાં વાયદા પૂરા કર્યા, આવો જોઈએ... એ દિવસ હતો 12 ડિસેમ્બર 2022નો, જ્યારે દાદાના હુલામણા નામથી ઓળખાતા ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકે બીજી વખત શપથ લીધા. ગુજરાતની જનતાએ પહેલી ટર્મમાં દાદાની સરકારનું કામ જોયું અને તેમની સાદગી જોઈ. એના જ પરિણામ સ્વરૂપે વર્ષ 2022ની વિધાનસભા ચૂંટણીમાં દાદાની સરકારને જનતાએ 156 બેઠકો આપીને પ્રચંડ બહુમતી સાથે સત્તા સોંપી. ગુજરાતની જનતાએ એ વાત ઉપર પણ મહોર મારી કે દાદાને ગુજરાતના કેપ્ટન બનાવવાનો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો નિર્ણય ખૂબ જ વિચારીને લેવાયેલો નિર્ણય હતો...

## બાય-બાય 2023 - વેલકમ 2024



**લોકોના આરોગ્યને પ્રાધાન્ય** બીજી વખત મુખ્યમંત્રી બન્યા પછી ભૂપેન્દ્રભાઈ પટેલે પહેલું કામ કર્યું પ્રધાનમંત્રી જન-આરોગ્ય યોજનામાં વીમા કવચની રકમને 5 લાખથી વધારીને 10 લાખ કરવાનું. તેમના આ એક નિર્ણયથી લાખો પરિવારોને સારામાં સારી સારવાર મળી છે અને એ પણ વિનામૂલ્યે.

**યુવાનોને મળી સરકારી નોકરી** રાજ્યના યુવાઓને સરકારી નોકરી મળી રહે તે માટે 1 વર્ષમાં નવી 8000 જગ્યાઓ ભરવામાં આવી. આ ઉપરાંત રાજ્યમાં 433 જેટલા ભરતી મેળાઓનું આયોજન કરીને 1 લાખથી વધુ યુવાનોને ખાનગી ક્ષેત્રમાં રોજગારી પૂરી પાડી. આગામી 2 વર્ષમાં સીધી ભરતીથી પંચાયત વિભાગ દ્વારા કુલ 10 હજાર કર્મયોગીઓની ભરતી કરવાની દિશામાં પણ આગળ વધી રહી છે દાદાની સરકાર.

**મહિલા સશક્તિકરણનો નવો અધ્યાય** ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારમાં પહેલીવાર ગુજરાતનું બજેટ 3 લાખ કરોડ રૂપિયાને પાર પહોંચ્યું અને નારી શક્તિને પ્રાધાન્ય આપવા મહિલા માટે બજેટમાં 1,04,986.70 કરોડ રૂપિયાની ફાળવણી કરી.

**લોકોની સુરક્ષા વધી** ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઓળખ મૃદુભાષી મુખ્યમંત્રી તરીકેની છે. પરંતુ તેમના મક્કમ મિજાજથી ડ્રગ્સ માફિયાઓ, ખનન માફિયાઓ અને અસામાજિક તત્વો બરાબર પરિચિત છે. ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે ગુજરાતમાં ઘુસતા ડ્રગ્સના દૂષણને ડામવા માટે જે કામગીરી કરી છે તે ઐતિહાસિક છે. એટલું જ નહીં, નકલ માફિયાઓને ડામવા માટે સરકારી ભરતીઓમાં થતી ગેરરીતિ અટકાવવા એવો કડક કાયદો બનાવ્યો છે કે કોઈ પણ પરીક્ષામાં ખોટું કરવાની ભૂલથી પણ કોઈ ભૂલ નહીં કરે.

**વાયબ્રન્ટ ડિસ્ટ્રિક્ટ સમિટની પહેલ** ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં પહેલીવાર દરેક જિલ્લામાં વાયબ્રન્ટ ડિસ્ટ્રિક્ટ સમિટનું આયોજન કરવામાં આવ્યું અને આ સમિટથી તાલુકા તેમજ જિલ્લા સ્તરે કામ કરતા નાના ઉદ્યોગોને ખૂબ મોટું પ્લેટફોર્મ મળ્યું છે. 45 હજાર કરોડ રૂપિયાથી વધુના MoU થયા અને 2.25 લાખ રોજગારીની નવી તકોનાં દ્વાર ખુલ્યાં છે. આ ઉપરાંત રાજ્ય સરકારની સૌથી મોટી સિદ્ધિ છે સમગ્ર દેશમાં પહેલીવાર ગુજરાતમાં ઉત્પાદન થવા જઈ રહ્યું છે ચીપનું.

**કૃષિ-પશુપાલનના વિકાસમાં હરણફાળ** ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારમાં ગુજરાતના ખેડૂતો વધુ સદ્ધર અને મજબૂત બની રહ્યા છે. રાજ્ય સરકારે સફળતાપૂર્વક 'રવી કૃષિ મહોત્સવ'નું આયોજન કરીને ખેડૂતોને નવી દિશા પૂરી પાડી છે. ખરીફ પાકના વાવેતરમાં 10 લાખ હેક્ટરના વધારા સાથે ખેડૂતોને સિંચાઈ માટે વધારાનું 2.27 મિલિયન એકર ફીટ પાણી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો. રાજ્ય સરકારે 20 લાખથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવાની સાથે 8.5 લાખથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળ્યા છે.

**શિક્ષણ ક્ષેત્રે આગળ વધ્યું ગુજરાત** મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે નવી શિક્ષણ નીતિને આ વર્ષથી જ લાગુ કરી દીધી છે. યુનિવર્સિટીઓ સહિતની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં નવી શિક્ષણ નીતિ પ્રમાણે જ શિક્ષણ કાર્ય ચાલી રહ્યું છે. એટલું જ નહીં, રાજ્ય સરકારના ભગીરથ પ્રયાસોથી આંગણવાડી અને ધોરણ.1માં નાનાં ભૂલકાંઓનો આ વર્ષે રેકોર્ડબ્રેક પ્રવેશ થયો છે.

**વંચિતોનો વિકાસ'** દાદાની સરકાર દરેક આદિવાસીઓની સુખાકારી માટે કટિબદ્ધતાથી કામ કરી રહી છે. આદિવાસી મહિલાની વ્હારે આવીને ગંભીર એનીમિયા ધરાવતી 10 હજારથી વધુ આદિવાસી માહિલાઓની ઓળખ કરી તેમની જરૂરિયાત મુજબ સારવાર કરીને માતા મૃત્યુ દરમાં ઘટાડો કર્યો છે. તો શ્રમિકો માટે શ્રમિક બસેરા યોજના અમલમાં મૂકી છે. એટલું જ નહીં શ્રમિકોને પોષણક્ષમ ભોજન મળે તે માટે પાંચ રૂપિયામાં ભોજન પૂરું પાડતી શ્રમિક અન્નપૂર્ણા યોજના અમલી બનાવી છે.

**ગુજરાતી ગરબાને ગ્લોબલ ઓળખ મળી** ભૂપેન્દ્રભાઈ પટેલના શાસનમાં જ ગુજરાતની ઓળખ ગણાતા ગરબાને વિશ્વ ફલક પર સ્થાન મળ્યું છે. ગુજરાતનું ગૌરવ અને સાંસ્કૃતિક વિરાસત સમા ગરબાને 'અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર' જાહેર કરીને યુનેસ્કોએ ગરબાને આંતરરાષ્ટ્રીય સ્તરે આગવી ઓળખ આપી છે.

# આ વર્ષ આપણાં સર્જકો-પત્રકારોને છીનવી ગયું

## « શબ્દોની સુવાસ અધૂરી રાખીને જતાં રહ્યા, યાદોમાં જીવંત રહેશે

■ અમદાવાદ

વર્ષ 2023માં ગુજરાતી ભાષાના ઘણા સર્જકો અને પત્રકારોએ વિદાય લીધી. ચિત્રલેખાના માધુરી કોટકથી લઈને ચંદ્રકાન્ત શાહ સુધીના સર્જકો આપણે ગુમાવ્યા. કહેવાય છે કે સર્જક ક્યારેય મૃત્યુ પામતો નથી. આ સર્જકો પણ તેઓના શબ્દો થકી અનંત કાળ સુધી આપણી વચ્ચે જ જીવંત રહેશે. શબ્દો સાથે કળા કરતાં આ લેખકો અને કવિઓ ફાની દુનિયાને છોડીને જતાં રહ્યા છે પણ શબ્દોથી હંમેશા જીવંત રહેશે

**મધુરી કોટક** 'ચિત્રલેખા'ના સહસંસ્થાપક તેમ જ પત્રકાર મધુરી કોટકનું અવસાન ૫ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ થયું. ૯૨ વર્ષની વયે તેઓએ અંતિમ શ્વાસ લીધા. એવું પણ કહેવાય છે કે તેમણે પતિ વજુ કોટક પાસેથી પત્રકારત્વના ગુણ મેળવ્યા આ સાથે જ તેઓ સારા ફોટોગ્રાફર પણ હતાં.

**નયન હ. દેસાઈ** જેઓનું નામ ગુજરાતી અને ઉર્દૂ સાહિત્ય સાથે જોડાયેલું છે. તેઓએ ૧૨ ઑક્ટોબર, 2023ને રોજ વિદાય લીધી. કવિ નયન દેસાઈએ તો છઠ્ઠા ધોરણથી જ કાવ્ય લખ્યું હતું. માણસ ઉર્ફે રેતી, ઉર્ફે દરિયો, મુકામ પોસ્ટ માણસ, આંગળી વાઢીને અક્ષર મોકલું, ધૂપ કા સાયા(ઉર્દૂ), અનુષ્ઠાન, સમંદરબાજ માણસ, દરિયાનો આકાર માછલી, તઝિમનાત્ , કેર ઑફ નયન દેસાઈ, મેઘધનુષના મેળામાં, શ્રુતિસાગર, ઝાલર અનાહત નાદની વગેરે પુસ્તકો તેઓએ આપ્યા છે.

**ધર્મેશ ભટ્ટ** આપણી ભાષાના ઉત્તમ પત્રકાર. તેઓએ જન્મભૂમિ, મિડ-ડે અને મુંબઈ સમાચારમાં કામ કર્યું હતું. તેઓએ 2 કાવ્યસંગ્રહો પણ આપ્યા છે. વાર્તાઓ પણ લખી હતી. પત્રકારત્વ વિષયમાં તેઓએ પીએચડીનો અભ્યાસ પણ કર્યો હતો.

**ચંદ્રકાન્ત શાહ** પહેલો કાવ્યસંગ્રહ વર્ષ 1992માં પ્રગટ થયેલો. સોનલ જેવી સોનસુંદરી આ દુનિયામાં અને અહીં છે રમેશ જેવો રૂપરખ્ખુ` જેવી તો અનેક કાવ્ય રચનાઓ તેઓએ આપી છે. તેઓ ગુજરાતી ભાષાના ઉત્તમ કવિ, લેખક, નાટ્યકાર તેમ જ ફિલ્મકાર રહ્યા. તેઓએ `Daliland` નામની ફિલ્મ પ્રોડ્યુસ કરી હતી. 4 નવેમ્બર 2023ના રોજ તેઓએ આપણી વચ્ચેથી વિદાય લીધી.

**હરીશ નાયક** ગુજરાતી બાળસાહિત્યનું જાણીતું નામ. ૧૯૨૬માં સુરત ખાતે તેઓનો જન્મ થયો હતો. અને તાજેતરમાં જ 25 ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ તેઓએ આપણી વચ્ચેથી વિદાય લીધી. હરીશ નાયકે ગ્રીક હીરો હર્ક્યુલિસના સાત પરાક્રમો ગુજરાતીમાં ઝગમગમાં લખવાના શરુ કર્યા હતા.

**નિલેશ રૂપાપરા** તેમણે પણ આ વર્ષે આપણી વચ્ચેથી વિદાય લીધી. તેઓએ સમકાલીન, ઈન્ડિયા ટુડે, જી, મધ્યાંતર અને અભિયાન જેવાં અખબાર-સામયિકોમાં કામ કર્યું હતું. તેઓની અખબારી કટાર, લેખ ખૂબ જ લોકપ્રિય રહ્યા. પત્રકારત્વ સાથે નાટ્યમાં પણ તેઓ ખૂબ જ સક્રિય રહ્યા હતા.

# જિંદગીની અંતિમ સફર પર પુત્રને કાંધ આપવાનો સમય આવે તો કયો બાપ હિંમત રાખી શકે?



## ઋણાનુબંધ

ભાવના પટેલ

નવલકથા - પ્રકરણ - 13

ઈન્સ્પેક્ટર તુલસીના મંત્રમુગ્ધ કરનારા અવાજની અસરમાં જ હતા. લક્ષ્મીપ્રસાદે ખોંખારો ખાધો, ને બોલ્યા ‘કાંઈ કામ હતું? મને બોલાવી લેવો’તો ને હું આવી જાત, તમે ઠાલા ધક્કો ખાધો.’

ઈન્સ્પેક્ટરનો ધ્યાન ભંગ થયો, એમની નજર તુલસી પરથી ખસીને લક્ષ્મીપ્રસાદ પર પડી. પરંતુ એ શું બોલ્યા એ ના સમજાયું, કારણ કે હજુયે એ તુલસીના અવાજની અસરમાં જ હતા.

લક્ષ્મીપ્રસાદે ફરીવાર પોતાની વાત દોહરાવી. લક્ષ્મીપ્રસાદને જોઈને એમને અચાનક ભાન થયું કે, એ શું કામે અહીં આવ્યા હતા. આ ચુંબકીય વાતાવરણથી દૂર જવા માટે એના પગ તૈયાર નહોતા. આસમાનમાંથી જ સીધા ધરતી પર પછડાયા હોય એવી અનુભૂતિ એમને થઈ.

પોતાના મનને કઠણ કરીને એ પોતાની ફરજ પૂરી કરવા માટે તૈયાર થઈ ગયા, ને બોલ્યા ‘થોડું કામ હતું તમારું. ચાલો તમારા રૂમમાં બેસીએ.’

આમ કહેતા એમણે ત્રાસી નજરે જોઈ લીધું કે, તુલસીનું ધ્યાન છે કે નહીં? તુલસી એમની સામે જ જોઈ રહી હતી. તે વાળેલો પગ છૂટો કરતી દેખાય એટલે ઈન્સ્પેક્ટર ઝડપથી ફરીને લક્ષ્મીપ્રસાદ સાથે થઈ ગયા ને પગ ઉપાડતા બોલ્યા ‘ચાલો.’

રખેને તુલસી કોઈ સવાલ કરે તો? એનો જવાબ શું આપવો? લક્ષ્મીપ્રસાદ પણ એમની પાછળ ગયા. રૂમમાં પહોંચીને એમણે ચા-પાણીનો વિવેક કર્યો, પરંતુ ઈન્સ્પેક્ટરે ના પાડી, અને રૂમનું બારણું બંધ કરવાનું કહ્યું.

લક્ષ્મીપ્રસાદને કાંઈ જ સમજાતું નહોતું, ગુસ્સો પણ આવતો હતો. પરંતુ એ જાણતા હતા કે, સત્તા આગળ શાણપણ નકામું છે. તેથી ઈન્સ્પેક્ટરે જેમ કહ્યું એમ રૂમનું બારણું બંધ કરીને એમની સામે ખુરશીમાં બેસતા કહ્યું ‘બોલો હુ કામ હતું?’

ઈન્સ્પેક્ટર એક લાંબી પળ એમની સામે જોઈ રહ્યાં. એમને થોડી દયા પણ આવી ગઈ. શું બન્યું છે એની જ્યારે એમને ખબર પડશે ત્યારે એમની હાલત કેવી હશે?


આ વિચારે, તેમણે બને તેટલી સલુકાઈથી વાત રજુ કરવા માંડી. જેમ-જેમ ઈન્સ્પેક્ટર કહેતા ગયા, લક્ષ્મીપ્રસાદનું દિલ બેસવા માંડ્યું. બસ ખીણમાં ગબડી પડી એટલું સાંભળતા જ એ ઊભા થઈને ઈન્સ્પેક્ટરના પગ પાસે નીચે જમીન પર બેસી ગયા ને બે હાથે એમને ઝંઝોડવા લાગ્યા ને મોટેથી બોલવા લાગ્યા ‘કહી દયો કે બેય હાજાહારા છે ને જીવતા છે. કહી દયો ભાઈસાબ એટલું કહી દયો મને કે ઈ બે જણા જીવતા છે.’ એમ બોલતા-બોલતા ઈન્સ્પેક્ટરના પગ પર માથું મૂકીને રડવા લાગ્યા.

ઈન્સ્પેક્ટરે બે હાથથી પકડીને એમને માંડ-માંડ ઉભા કર્યા ને સોફામાં બેસાડીને ટીપોય પર પડેલા જગમાંથી પાણીનો ગ્લાસ ભરીને આપ્યો.

લક્ષ્મી પ્રસાદ બેફામ રડતા હતા. ઈન્સ્પેક્ટરનું દરેક વર્તન હવે એમને સમજાતું હતું. એમનું દરેક વર્તન એ બાજુ ઈશારો કરતું હતું કે, હવે એ બંને આ દુનિયામાં નથી.

ઈન્સ્પેક્ટરે મહાપરાણે એમને પાણી પાયું, ને બોલ્યા ‘તમે જો આ રીતે હિંમત હારી જશો તો બહાર બે સ્ત્રીઓ છે તેને કોણ સંભાળશે?’

લક્ષ્મીપ્રસાદ કઈ રીતે હિંમત રાખે? જુવાનજોધ દીકરો ને ફૂલ જેવી પૌત્રી ગુમાવનાર કંઈ રીતે હિંમત રાખે?



જિંદગીની અંતિમ સફર જેના કાંધે ચડીને જવાનું કલ્પ્યું હોય, એને જ કાંધ આપવાનો સમય આવે તો કયો બાપ હિંમત રાખી શકે?

ઈન્સ્પેક્ટર આવું વિચારીને એમને હિંમત આપી રહ્યા હતા. પરંતુ આજે પહેલી વાર લક્ષ્મીપ્રસાદ પોતાના કર્મોને રડી રહ્યા હતા. પોતે કરેલા દરેક ખરાબ કર્મ અત્યારે એમને નજર સામે દેખાઈ રહ્યા હતા.

બે નિર્દોષ વ્યક્તિની આજીજીભરી ચાર આંખો એમને દેખાઈ રહી હતી. આ પાપનો ભાર ના તો એ કોઈને કહી શકે એમ હતા કે, ના તો સહી શકે એમ હતાં.

એ મૂંઝારો ના સહેવાતા એ નીચે જમીન પર જ સુઈ ગયા ને મોટે-મોટેથી રડતા આળોટવા લાગ્યા. આ બધું જોઈને ઈન્સ્પેક્ટર પણ ગભરાઈ ગયા.

લક્ષ્મીપ્રસાદ નું રુદન સાંભળીને રુખીબહેન બારણું ખોલીને અંદર આવ્યા. લક્ષ્મીપ્રસાદને આમ આળોટતા જોઈને એ પણ ગભરાઈ ગયા ને એમની બાજુમાં બેસીને હાથ ફેરવતા પૂછવા લાગ્યા ‘અખિલના બાપુ તમને, હું થ્યુ.’ ત્યાં તો લક્ષ્મીપ્રસાદ રુખીબહેનને પકડીને રડતા-રડતા મોટેથી બોલવા લાગ્યા. ‘અખિલની મા, આપણી તો દુનિયા લુંટાઈ ગઈ. અખિલ દીકરા મને એકલો મૂકીને ક્યાં વયો ગ્યો, આ બુઢો બાપ હવે કેમ કરીને જીવશે? શુભા મારી લાડકી, મારી દીકરી તુંયે મારાથી રિસાઈ ગઈ? આ તારો દાદો હવે તારા વગર કેમ જીવશે?’ એમ બોલતાં-બોલતાં રુખીબહેનને છોડીને દીવાલમાં માથું પછાડવા લાગ્યા.

ઈન્સ્પેકટરે અને રુખીબહેને માંડ-માંડ પકડીને એમને સોફામાં બેસાડ્યા. રુખીબહેન ધીરે અવાજે માંડ એટલું બોલી શક્યા. ‘આ અખિલના બાપુ જી બોયલા ઈ હાચુ છે?’

લક્ષ્મીપ્રસાદ બેફામ રડતા હતા. કોઈ નાનું છોકરું જીદે ચડીને રડતું હોય એમ જ. આ બધી રડારડથી તુલસી ને ઘરના નોકરો પણ ત્યાં આવી ગયા. ઈન્સ્પેક્ટરે ઝમકુ ને કહ્યું ‘ડોક્ટરને જલ્દી બોલાવી લાવો.’ રુખીબહેન, ઈન્સ્પેક્ટર ને ચંદુ એમ ત્રણ જણાએ એમને પકડી રાખ્યા હતા, તોયે જોર કરીને પોતાની જાતને છોડાવીને વળી પાછા દિવાલમાં માથા પછાડવા લાગતા હતા.

**ક્રમશઃ વધુ આવતા અંકે...**

લેખકની કૃતિઓ અનેક પ્રકાશનોમાં છપાઈ ચૂકી છે. આપ સૌના મૂલ્યવાન સૂચન, મંતવ્યો તમે તેમને +91 94291 31129 પર વોટ્સએપ દ્વારા મોકલી શકો છો. કે bjpatel1970@gmail.com પર મોકલી શકો છો.

## સાપ્તાહિક રાશિફળ



Durgaprasad shastri
Astrology & vastu services
durgaprasadastro@gmail.com
Acharya Durgaprasad Shastri
India - 9376115884, 7574888002

### મેષ



(અ, લ, ઈ)

દિવસની શરૂઆતમાં તમારા તમામ કાર્યોની રૂપરેખા બનાવો. વ્યવસ્થિત દિનચર્યા જાળવવાથી તમામ કાર્યો સમયસર પૂર્ણ થશે. કોઈની સાથે મુલાકાત ફાયદાકારક સાબિત થશે. તમારી પ્રગતિ માટે મહત્વપૂર્ણ માર્ગ પણ ખુલી શકે છે. રાજકીય અને સામાજિક પ્રવૃત્તિઓમાં વધુ સમય રોકાણ કરવાથી તમારા અંગત કાર્યોમાં અવરોધ આવી શકે છે.

### વૃષભ



(બ.વ.ઉ)

છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી સમસ્યાનો ઉકેલ આવી શકે છે. તમારા વિચારો અને યોજનાઓને અમલમાં મૂકવાનો આ યોગ્ય સમય છે. તમે તમારા કામને શ્રેષ્ઠ રીતે પૂર્ણ કરી શકશો. તમે ઘરની જાળવણી અને લક્ઝરી સંબંધિત કામમાં પણ સારો એવો સમય પસાર કરશો. કોઈ પણ સંજોગોમાં તમારા મનમાં દુશ્મનાવટ ન આવવા દો.

### મિથુન



(ક.છ.ઘ)

સમાજ કે સામાજિક કાર્યો માટે થોડો સમય કાઢો. આ તમારા સંપર્ક વર્તુળમાં વધારો કરશે. કોઈપણ પારિવારિક બાબતમાં પણ તમારો નિર્ણય સર્વોપરી રહેશે. નાણાંની આવકની સાથે સાથે ખર્ચ પણ થશે, પરંતુ નાણાકીય સ્થિતિ સંતુલિત રહેશે. કેટલાક લોકો સ્વાર્થથી તમને નુકસાન પહોંચાડી શકે છે. આજે કોઈ ખાસ યોજનાઓ મુલતવી રાખો.

### કર્ક



(ડ.હ)

વરિષ્ઠ લોકોના માર્ગદર્શનથી તમે તમારા લક્ષ્યને પ્રાપ્ત કરવામાં સફળ થશો. બદલાતા વાતાવરણને કારણે તમે તમારી કાર્ય પદ્ધતિમાં જે ફેરફારો કર્યા છે તે ફાયદાકારક સાબિત થશે. વિદેશ જવા માટે હાથ ધરાયેલા કાર્યોમાં તમને સફળતા મળશે. પૈસા ઉધાર લેવડદેવડ બિલકુલ ન કરો. આ સમયે તમારા અંગત ખર્ચમાં વધારો થશે.

### સિંહ



(મ.ટ)

સંબંધમાં નવી શરૂઆત કરવા માટે સમય અનુકૂળ છે. સમય કેટલીક મિશ્ર અસરો લાવી રહ્યો છે, પરંતુ તેનો શ્રેષ્ઠ ઉપયોગ તમારી ક્ષમતા પર આધારિત છે. નાણાં સંબંધિત પ્રવૃત્તિઓમાં સુધારો થશે અને આવકના અન્ય સ્ત્રોત પણ શરૂ થઈ શકે છે. કોઈ પારિવારિક મુદ્દાને લઈને ભાઈ-બહેનો સાથે વિવાદ થઈ શકે છે. ઘરના વડીલોની સલાહ ચોક્કસ લો.

### કન્યા



(પ.ઠ.ણ)

તમને તમારા સંતાનને લગતી કોઈપણ ચિંતાનું સમાધાન મળવા જઈ રહ્યું છે અને તમે તમારા અંગત કામમાં ધ્યાન કેન્દ્રિત કરી શકશો. રાજકીય અને સામાજિક ક્ષેત્રે તમારી લોકપ્રિયતા વધશે. તમે તમારી દિનચર્યામાં કંઈક નવું અનુભવશો. કોઈ પણ નિર્ણય લેતી વખતે વધારે ન વિચારશો નહીં તો તમે યોગ્ય સમય ગુમાવી શકો છો.

### તુલા



(ર.ત)

પારિવારિક વ્યવસ્થા અને અનુશાસન જાળવવામાં તમારો વિશેષ સહયોગ મળશે અને તમારા સંબંધોમાં મતભેદોને દૂર કરવાના પ્રયાસો પણ સફળ થશે. વિદ્યાર્થીઓ ઈન્ટરવ્યુ અથવા કારકિર્દી સંબંધિત પરીક્ષાઓની તૈયારી પર સંપૂર્ણ ધ્યાન આપશે. આ સમયે પ્રવૃત્તિઓની સાથે તમારા અંગત કામ પર પણ ધ્યાન આપવાની જરૂર છે.

### વૃશ્ચિક



(ન.ય)

પ્રાકૃતિક દિનચર્યા અપનાવો. તમને શારીરિક અને માનસિક શાંતિ મળશે. તમારી અંદરની છુપાયેલી પ્રતિભાનો પણ સર્જનાત્મક કાર્યમાં ઉપયોગ કરો. આજે તમારો કોઈ ખાસ હેતુ પણ ઉકેલાઈ શકે છે. સરકારી મામલા જટિલ બનવાને કારણે તમે ચિંતિત રહેશો, જો કે નજીકના મિત્ર અથવા સંબંધી પણ આ સમસ્યાને દૂર કરવામાં તમારી મદદ કરશે.

### ધન



(ભ.ફ.ધ.ઢ)

કોઈપણ નકારાત્મક પરિસ્થિતિમાં ગભરાવાની જગ્યાએ ધીરજ અને ધૈર્ય રાખો. આની મદદથી તમે ઉકેલો શોધી શકશો. માતા-પિતા અને વડીલો પ્રત્યે સેવાની ભાવના રહેશે. વિદ્યાર્થીઓ અને યુવાનો તેમના અભ્યાસ અને કારકિર્દી પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરશે. યોગ્ય બજેટ જાળવો. સામાજિક કાર્યોમાં થોડી સાવધાની રાખવી. આ સમયે.

### મકર



(ખ.જ)

તમારા રોજિંદા કાર્યોની વ્યવસ્થિત દિનચર્યા બનાવો, તેનાથી તમને ચોક્કસ સફળતા મળશે. કોઈપણ પેન્ડિંગ પેમેન્ટ મળવાથી નાણાકીય સમસ્યા ઘણી હદ સુધી હલ થઈ જશે. . વિદ્યાર્થીઓ અને યુવાનોએ ખાસ ધ્યાન રાખવું જોઈએ કે સોશિયલ મીડિયા અને નકામી વસ્તુઓ પર સમય વિતાવવાને કારણે તમારા કેટલાક મહત્વપૂર્ણ કામ અધૂરા રહી શકે છે.

### કુંભ



(ગ.સ.શ.ષ)

ગ્રહોની સ્થિતિમાં સકારાત્મક પરિવર્તન આવે. મિલકત સંબંધિત ચાલી રહેલા વિવાદો કોઈની મધ્યસ્થી દ્વારા ઉકેલવામાં આવશે. જેના કારણે મનમાં સંતોષ રહેશે. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી બનશે. ઘરે પણ કોઈ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરી શકાય છે. જેના કારણે તમે તમારા અને તમારા પરિવાર માટે સમય કાઢી શકશો નહીં.

### મીન



(દ.ચ.ઝ.થ)

ઘરે સંબંધીઓનું આગમન થશે. અને લાંબા સમય બાદ સમાધાનના કારણે ખુશીનું વાતાવરણ રહેશે. પરસ્પર વિચારોની આપ-લેથી ઘણી સમસ્યાઓનું સમાધાન પણ થશે. તમારા વ્યક્તિત્વને વધુ પ્રભાવશાળી બનાવવા માટે આત્મચિંતન કરવું જરૂરી છે. તમારા અહંકાર અને ગુસ્સાને કારણે વાતાવરણ થોડું અસ્તવ્યસ્ત બની શકે છે.

### 2023માં અનેક સેલેબ્સ તાંતણે બંધાયા તો અનેક સેલેબ્સના પ્રેમ સંબંધોમાં ભંગાણ પડ્યું

# આ વર્ષે આ સેલેબ્સના ઘરે લગ્નની શરણાઈ વાગી, વરરાજા-નવવધૂનો લુક ખૂબ હિટ થયો

નવી દિલ્લી: વર્ષ 2023 બોલીવુડ માટે ઘણું ખાસ રહ્યું છે. આ વર્ષે સિનેમાની દુનિયાના સિતારા સોશિયલ મીડિયા પર ખૂબ છવાયેલા રહ્યા અને તેનું કારણ ક્યાંક ને ક્યાંક તેમના લગ્ન હતા. વર્ષ 2023માં અનેક બોલીવુડના સિતારા પ્રણયના તાંતણે બંધાઈ ગયા. જેમાં ખાસ કરીને લાઈમલાઈટ સિદ્ધાર્થ મલ્હોત્રા અને કિયારા અડવાણીએ લૂંટી લીધી. ત્યારે આવો જોઈએ કે આ વર્ષે કયા સિતારાઓ પરિણયના સંબંધમાં બંધાઈ ગયા છે. અનેક સિતારાઓ એવું લાગતું હતું કે તેઓ પરફેક્ટ છે પરંતુ તેમના લગ્નજીવનમાં ભંગાણ આવ્યું અને તેઓ એકબીજાથી અલગ થઈ ગયા.

## બાય-બાય 2023 - વેલકમ 2024



**અથિયા શેટ્ટી- લોકેશ રાહુલ** બોલીવુડની અભિનેત્રી અથિયા શેટ્ટી અને ક્રિકેટર લોકેસ રાહુલે 23 જાન્યુઆરી 2023ના દિવસે સુનિલ શેટ્ટીના ફાર્મ હાઉસમાં લગ્ન કર્યા. કપલના લગ્નમાં પરિવારના લોકો અને મિત્રો આવ્યા હતા. બંને પોતાના લગ્નમાં એકદમ પ્રેમાળ હતા.



**સિદ્ધાર્થ મલ્હોત્રા-કિયારા અડવાણી** શેરશાહ ફિલ્મમાં એકસાથે કામ કર્યા પછી કિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રાની જોડી ફેન્સની ફેવરિટ બની ગઈ છે. બંનેએ વર્ષ 7 ફેબ્રુઆરી 2023માં લગ્ન કરી લીધા. રાજસ્થાનના જેલસમેરમાં સૂર્યગઢ હોટલમાં કપલે ગ્રાન્ડ લગ્ન કર્યા.



**સ્વરા ભાસ્કર-ફહાદ અહેમદ** પોતાની ફિલ્મો કરતાં હિન્દી સિનેમામાં પોતાના ધારદાર નિવેદનોને કારણે ચર્ચામાં રહેતી અભિનેત્રી સ્વરા ભાસ્કરે પણ આ વર્ષે લગ્ન કરી લીધા. સ્વરાએ એક બાળકીને પણ જન્મ આપ્યો છે. સ્વરાના પતિ સપા નેતા ફહાદ અહેમદ યુપીમાં કામ કરે છે.



**રણદીપ હુડા-લિન લેશરામ** રણદીપ હુડ્ડા અને લીન લેશરામે 29 નવેમ્બરના રોજ ઈમ્ફાલ, મણિપુરમાં મેતેઈ વિધિથી લગ્ન કર્યા હતા. લગ્ન સમારોહમાં નજીકના મિત્રો ત્યારથી નવવિવાહિત કપલ તેમના લગ્નની ઝલક ઈન્ટરનેટ પર શેર કરી રહ્યું છે.

# ઓછા બજેટની ફિલ્મોએ આ વર્ષની બમ્પર કમાણી કરીને ચોંકાવી દીધા

■ નવી દિલ્લી

આ વર્ષ સિનેમા જગત માટે શાનદાર રહ્યું છે. રોમાન્સ, કોમેડી અને એક્શન સહિત દરેક ઝોનરની અનેક ફિલ્મો રિલીઝ થઈ. આ ફિલ્મોમાંથી બોક્સ ઓફિસ પર અનેક ફિલ્મોએ કમાણી કરીને રેકોર્ડ તોડી નાંખ્યો છે. જોકે આ વર્ષે કેટલીક નાના બજેટની ફિલ્મો પણ રિલીઝ થઈ છે. જેણે શાનદાર કલેક્સન કર્યું છે. અમે તમને બતાવીશું એવી ફિલ્મોની કહાની, જેણે ઓછા બજેટની હોવા છતાં સારી કમાણી કરી છે.



**ફૂકરે-3** ફૂકરે-3 ફિલ્મે બોક્સ ઓફિસ પર શાનદાર કલેક્શન કર્યુ છે. આ વર્ષે ફૂકરે-3ની ફેન્ચાઈઝીએ બમ્પર કમાણી કરી. ફૂકરે-3નું બજેટ માત્ર 40 કરોડ રૂપિયા જ હતું. તેમ છતાં આ ફિલ્મે તેનાથી ત્રણ ગણું એટલે કે 128 કરોડ રૂપિયાથી વધારેનું કલેક્શન કર્યુ હતું.

**ડ્રીમ ગર્લ-2** આયુષ્માન ખુરાના અભિનીત ફિલ્મ ડ્રીમ ગર્લ-2 2019માં આવેલી હિટ ફિલ્મ ડ્રીમ ગર્લની સિક્વલ હતી. 35 કરોડ રૂપિયાના ખર્ચે આ ફિલ્મ બની હતી. દુનિયાભરમાં લગભગ 140 કરોડ રૂપિયાની કમાણી કરી હતી.




**12મી ફેઈલ** ફિલ્મ 12મી ફેઈલ જ્યારે પરદા પર આવી ત્યારે તે દર્શકોને ખૂબ પસંદ આવી હતી. આ ફિલ્મે અભિનેતા વિક્રાંત મેસ્સીની સફળતાના શિખર સુધી પહોંચાડી દીધી. 20 કરોડ રૂપિયાની બનેલી આ ફિલ્મ લગભગ 65 કરોડ રૂપિયાની કમાણી કરી હતી.

**ધ કેરલ સ્ટોરી** સુદીપ્તો સેનની ફિલ્મ ધ કેરલ સ્ટોરીને પણ ખૂબ પસંદ કરવામાં આવી હતી. ધર્મપરિવર્તનના મુદ્દાને આ ફિલ્મમાં અભિનેત્રી અદા શર્માએ મહત્વની ભૂમિકા ભજવી હતી. અને તેણે વાહવાહી લૂંટી હતી.

### આ વર્ષે ક્રિકેટની દુનિયામાં અનેક મોટા રેકોર્ડ બન્યા, અનેક નવા સિતારાઓ સામે આવ્યા

# વિરાટ કોહલીની 50મી ઐતિહાસિક વન-ડે સદી, ગ્લેન મેક્સવેલે વર્લ્ડ કપમાં બેવડી સદી ફટકારી

નવી દિલ્લી: વર્ષ 2023 સમાપ્ત થવામાં છે. આ વર્ષે ક્રિકેટની દુનિયામાં આવા અનેક અજીબોગરીબ રેકોર્ડ બન્યા છે જેની કદાચ જ કોઈ કલ્પના કરી શકે. તેમાં ભારતીયોથી લઈને વિદેશી ક્રિકેટરો સુધીના નામ સામેલ છે. ICC ખિતાબના મામલે આ વર્ષે ભલે ભારત માટે નસીબદાર ન હોય, પરંતુ ભારતીય ખેલાડીઓએ ઘણા મોટા અને અનોખા રેકોર્ડ પોતાના નામે કર્યા. ચાલો 2023 માં ક્રિકેટની શ્રેષ્ઠ ક્ષણો પર એક નજર કરીએ. જોકે તે પહેલાં જાણી લેવું જોઈએ કે ભારતે વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. જોકે ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાએ બાજી મારી લેતાં ટાઈટલ પોતાના નામે કરી લીધું હતું.

## બાય-બાય 2023 - વેલકમ 2024




### વિરાટ કોહલીની 50મી ODI સદી

બરાબર એક દાયકા પહેલા, સચિન તેંડુલકરના 49 ODI સદીના રેકોર્ડને તોડવું અશક્ય લાગતું હતું, પરંતુ વિરાટ કોહલીએ વર્લ્ડ કપ 2023માં તે શક્ય બનાવ્યું. તેણે 15 નવેમ્બરના રોજ વાનખેડે સ્ટેડિયમ ખાતે ન્યૂઝીલેન્ડ સામેની સેમિફાઈનલ દરમિયાન જંગી 50 ODI સદી ફટકારી હતી. ખાસ વાત એ હતી કે તેણે મહાન સચિનની સામે આ સિદ્ધિ મેળવી હતી. કોહલી હવે વિશ્વમાં સૌથી વધુ વનડે સદી ફટકારનાર બેટ્સમેન છે.





### નેધરલેન્ડે વેસ્ટ ઈન્ડિઝને બહાર કરી દીધું

વર્લ્ડ કપ ક્વોલિફાયરમાં નેધરલેન્ડે બે વખતની ચેમ્પિયન ટીમ વેસ્ટ ઈન્ડિઝને હરાવીને બહાર કરી દીધી હતી. તેજા નિદામાનુરુની સદીની આગેવાનીમાં નેધરલેન્ડ્સ વેસ્ટ ઈન્ડિઝના કુલ 374 રનની બરાબરી કરવામાં સફળ રહ્યું હતું.




### ગ્લેન મેક્સવેલ નોટઆઉટ 201 રન

ઓસ્ટ્રેલિયાના બેટ્સમેન ગ્લેન મેક્સવેલે વર્લ્ડ કપના ઈતિહાસની સૌથી મોટી ઈનિંગ્સ રમી હતી. અફઘાનિસ્તાન સામે 292 રનનો પીછો કરતા ઓસ્ટ્રેલિયાનો સ્કોર 91/7 હતો. વર્લ્ડ કપની સેમીફાઈનલમાં સ્થાન નિશ્ચિત કરવા માટે આ મેચમાં જીત જરૂરી હતી. તે પછી 'બિગ શો' ગ્લેન મેક્સવેલ, જેણે નેધરલેન્ડ સામે માત્ર 40 બોલમાં વર્લ્ડ કપની સૌથી ઝડપી સદી ફટકારી. તેણે 128 બોલમાં 201 રનની અણનમ ઈનિંગ રમીને જીત મેળવી હતી.




### એશિયા કપમાં સિરાજનો જાદુઈ સ્પેલ

ટીમ ઈન્ડિયાના ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજે એશિયા કપ 2023ની ફાઈનલમાં શ્રીલંકા સામે જાદુઈ બોલિંગ કરી હતી. સિરાજે 17 સપ્ટેમ્બરે શ્રીલંકા સામે પાવરપ્લેમાં ખિતાબ નામે કર્યો હતો. એક સમયે શ્રીલંકાનો સ્કોર 12/6 હતો.

# કઈ ટીમ માટે વર્ષ 2023 સૌથી અશુભ રહ્યું!

## ODI ક્રિકેટમાં સૌથી વધુ મેચ હારનાર ટીમ શ્રીલંકા, બાંગ્લાદેશ, ન્યૂઝીલેન્ડ અગ્રેસર

■ નવી દિલ્લી

વર્ષ 2023 ODI ક્રિકેટ માટે ખૂબ જ ખાસ હતું. ICCની સૌથી મોટી ટુર્નામેન્ટ ODI વર્લ્ડ કપ આ વર્ષે ભારતમાં રમાયો હતો. ભલે ભારતીય ટીમ વર્લ્ડ કપનો ખિતાબ જીતી શકી ન હતી, પરંતુ એકંદરે આ વર્ષ ભારત માટે ઘણું સારું રહ્યું. જો કે, કેટલીક ટીમો એવી હતી કે જેના માટે આ વર્ષ ઘણું અશુભ સાબિત થયું. આવો તમને જણાવીએ આ વર્ષે રમાયેલી ODI મેચોનો રેકોર્ડ. કઈ ટીમને ODI મેચોમાં સૌથી વધુ હારનો સામનો કરવો પડ્યો છે?




**બાંગ્લાદેશ સૌથી કમનસીબ ટીમ બની**

બાંગ્લાદેશ વર્ષ 2023માં સૌથી વધુ મેચ હારનારી ટીમ બની ગઈ છે. બાંગ્લાદેશે 2023માં કુલ 32 ODI મેચ રમી હતી, જેમાંથી 18 મેચોમાં તેને હારનો સામનો કરવો પડ્યો હતો. આવી સ્થિતિમાં બાંગ્લાદેશ માટે આ વર્ષ સૌથી અશુભ સાબિત થયું છે. આ પછી UAE એવી ટીમ બની ગઈ છે જે સૌથી વધુ ODI મેચ હારી છે. જેમાંથી તેને 17 મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો. તમને જાણીને નવાઈ લાગશે.




**આ યાદીમાં શ્રીલંકાનું નામ પણ સામેલ છે**

ICC વર્લ્ડ કપ 2023ની સેમિફાઇનલ માટે ક્વોલિફાય કરનારી ટીમ ન્યુઝીલેન્ડે આ વર્ષે રમાયેલી કુલ 33 મેચોમાંથી 17 મેચ હારી છે. આ યાદીમાં શ્રીલંકાની ટીમ ચોથા સ્થાને છે. આ વર્ષે આ ટીમનું પ્રદર્શન સારું નહોતું, શ્રીલંકાને વર્લ્ડ કપમાંથી ખરાબ રીતે બહાર થવું પડ્યું હતું. શ્રીલંકાએ આ વર્ષે કુલ 31 મેચ રમી જેમાંથી 15 મેચમાં તેને હારનો સામનો કરવો પડ્યો. વેલ, નેધરલેન્ડે આ વર્ષે અજાયબીઓ કરી છે.

### રાહુલ ગાંધીની ફ્લાઈંગ કિસથી લઈને ભારત-કેનેડા તણાવ અનેક મુદ્દાઓ ચર્ચા રહ્યા

# 2023નું વર્ષ 10 મોટા વિવાદોના કારણે ચર્ચામાં રહ્યું, જેણે દેશ-વિદેશમાં ખળભળાટ મચાવ્યો

**નવી દિલ્લી:** વર્ષ 2023 સમાપ્ત થવામાં છે. નવા વર્ષના આગમનને હવે માત્ર 1 દિવસ જ બાકી રહ્યો છે. આ વર્ષ ઘણા મોટા વિવાદો અને કૌભાંડોનું સાક્ષી છે. આમાં ખાલિસ્તાન સમર્થક હરદીપ સિંહ નિજ્જરની હત્યા, બે ચીની મંત્રીઓનું અચાનક ગુમ થવું, રાહુલ ગાંધીનો ફ્લાઈંગ કિસ વિવાદ અને વેગનર ચીફની હત્યાનો સમાવેશ થાય છે. સાઉથની સુપરસ્ટાર અભિનેત્રીના ડીપ ફેક વીડિયોએ તો ખળભળાટ મચાવ્યો હતો. અને આ મામલે સરકારે તપાસ કમિટીની રચના પણ કરી હતી. જયારે રેમન્ડના ચેરમેન ગૌતમ સિંઘાનિયા અને તેમની પત્ની વચ્ચેનો વિવાદ ચગ્યો અને તેણે ખૂબ ચર્ચા જગાવી. જોકે સૌથી વધારે ચર્ચા સેમ ઓલ્ટમેનની હકાલપટ્ટીએ જગાવી. કેમ કે માત્ર 1 જ અઠવાડિયામાં તેમની કંપનીમાં વાપસી થઈ ગઈ.

## બાય-બાય 2023 - વેલકમ 2024




**ભારત VS ભારત વિવાદ** સપ્ટેમ્બર મહિનામાં એક નવો વિવાદ ત્યારે સામે આવ્યો જ્યારે G20 સમિટની બાજુમાં આયોજિત રાત્રિભોજન માટે મોકલવામાં આવેલા આમંત્રણ પત્રમાં રાષ્ટ્રપતિએ પોતાને 'ભારત'ના બદલે 'ભારત'ના રાષ્ટ્રપતિ ગણાવ્યા હતા, જે બાદ અટકળો શરૂ થઈ હતી. કેન્દ્ર સરકાર દેશનું નામ બદલવા જઈ રહી છે. તેનું કારણ એ છે કે અગાઉ અંગ્રેજીમાં મોકલવામાં આવતા આમંત્રણ પત્રો પર દેશનું નામ 'ભારત' લખવામાં આવતું હતું અને હિન્દીમાં મોકલવામાં આવતા પત્રો પર દેશનું નામ 'ભારત' લખવામાં આવતું હતું.



**1. રાહુલ ગાંધીની ફ્લાઈંગ કિસનો વિવાદ** કેરળના વાયનાડ લોકસભા મતવિસ્તારના કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ તેમની સંસદ સભ્યપદ પુનઃસ્થાપિત કર્યા પછી 9 ઓગસ્ટના રોજ લોકસભામાં તેમનું પ્રથમ ભાષણ આપ્યું હતું. આ દરમિયાન તે ફ્લાઈંગ કિસને લઈને વિવાદમાં આવ્યો હતો. કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ તેમની આકરી ટીકા કરી અને કહ્યું કે તેમનામાં ગરિમાનો અભાવ છે. ઈરાનીએ કહ્યું કે રાહુલ ગાંધી જે રીતે વર્તે છે તે દર્શાવે છે કે તેઓ કયા પરિવારમાંથી આવે છે. તેમના પરિવાર અને પક્ષનું મહિલાઓ પ્રત્યે કેવું વલણ છે? આ મામલો કેન્દ્ર સરકાર સામે લાવવામાં આવેલા અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચાના બીજા દિવસનો છે. તે સમયે સ્મૃતિ ઈરાની ભાષણ આપી રહ્યા હતા. રાહુલ જ્યારે સંસદની બહાર જઈ રહ્યા હતા ત્યારે તેમના હાથમાંથી કેટલીક ફાઈલો પડી ગઈ હતી. જ્યારે તેઓ તેને લેવા માટે નીચે ઝૂક્યા ત્યારે બીજેપી સાંસદ હસી પડ્યા, જેના પર તેમણે તેમને ફ્લાઈંગ કિસ આપી અને ગૃહમાંથી બહાર નીકળી ગયા.

**2. મહુઆ મોઇત્રા ક્વેરી વિવાદ માટે રોકડા** TMC સાંસદ મહુઆ મોઈત્રાને 8 ડિસેમ્બરે લોકસભામાંથી હાંકી કાઢવામાં આવી હતી. કેશ ફોર ક્વેરી વિવાદને લઈને તે સમાચારમાં હતી. એથિક્સ કમિટીના રિપોર્ટમાં મહુઆને અનૈતિક વર્તણૂક માટે દોષિત ઠેરવવામાં આવી હતી. મહુઆ પર વકીલ જય અનંત દેહાદરાય અને બીજેપી સાંસદ નિશિકાંત દુબેએ સવાલ પૂછવાના બદલામાં બિઝનેસમેન દર્શન હિરાનંદાની પાસેથી ભેટ લેવાનો આરોપ લગાવ્યો હતો.

**3. હરદીપ સિંહ નિજ્જર હત્યા કેસ** જૂનમાં, ખાલિસ્તાન સમર્થક હરદીપ સિંહ નિજ્જરની કેનેડાના બ્રિટિશ કોલંબિયાના સરેમાં ગુરુદ્વારાની બહાર ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ સંસદમાં આપેલા ભાષણમાં આ નરસંહાર પાછળ ભારતની આશંકા વ્યક્ત કરી હતી, ત્યારબાદ બંને દેશો વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ હતી. ભારતે ટ્રુડોના આરોપોને પાયાવિહોણા અને રાજકીય રીતે પ્રેરિત ગણાવ્યા હતા. તેણે આ ઘટનામાં કોઈ સંડોવણી હોવાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો હતો. ભારતે પણ કેનેડાને આતંકવાદીઓ માટે સુરક્ષિત આશ્રયસ્થાન ગણાવીને કેનેડિયન નાગરિકોને વિઝા આપવાનું બંધ કરી દીધું હતું. આ સાથે તેણે કેનેડાને તેના રાજદ્વારીઓની સંખ્યા ઘટાડવા માટે પણ કહ્યું, જેના પછી ટ્રુડોએ ભારતમાંથી 41 રાજદ્વારીઓને પાછા બોલાવ્યા.

**4. રશ્મિકા મંદાના ડીપ ફેક વીડિયો** AI નો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. સારા કામો ઉપરાંત ખોટા કામો માટે પણ તેનો ઉપયોગ થઈ રહ્યો છે. નવેમ્બરમાં, સાઉથની પ્રખ્યાત અભિનેત્રી રશ્મિકા મંદન્નાના વાયરલ ઠંડા ફેક વીડિયોથી આની ચર્ચા શરૂ થઈ છે. આ વીડિયોમાં રશ્મિકાના ચહેરાની જગ્યાએ મહિલાનો ચહેરો જોવા મળ્યો હતો. કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખરે આ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે કહ્યું કે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ 2000ની કલમ 66D હેઠળ કોમ્પ્યુટરનો ઉપયોગ કરીને છેતરપિંડી થઈ હોય તેવા મામલામાં સજાની જોગવાઈ છે.

**5. વેગનર ચીફ યેવજેની પ્રિગોઝિનની હત્યા** રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન સામે બળવો કરનાર વેગનર ગ્રુપના સ્થાપક અને કમાન્ડર યેવજેની પ્રિગોઝિનનું વિમાન દુર્ઘટનામાં મૃત્યુ થયું હતું. વિમાન, સેન્ટ પીટર્સબર્ગ જઈ રહ્યું હતું, ત્યારે 23 ઓગસ્ટના રોજ રાજધાની મોસ્કોની ઉત્તરે અકસ્માત થયો હતો, જેમાં 10 લોકો માર્યા ગયા હતા. જોકે, પ્લેન કયા કારણોસર ક્રેશ થયું તે હજુ સુધી જાણી શકાયું નથી. પ્રિગોઝિને તેના મૃત્યુના બે મહિના પહેલા રશિયન સૈનિકો સામે બળવો શરૂ કર્યો હતો. રાષ્ટ્રપતિ પુતિને તેને દેશદ્રોહી ગણાવ્યો અને જવાબદારોને સજા કરવાનું વચન આપ્યું. પુતિન વિશે જાણીતું છે કે તે પોતાના દુશ્મનોને માફ કરતા નથી.

**6. ચીનના બે મંત્રીઓ ગુમ** ચીનના બે મંત્રીઓના અચાનક ગુમ થવાનું રહસ્ય હજુ સુધી ઉકેલાયું નથી. પ્રથમ વિદેશ પ્રધાન કિન ગેંગ ગુમ થયા હતા. આ પછી રક્ષા મંત્રી લી શાંગફૂ પણ ગાયબ થઈ ગયા. કિન ગેંગને તેમના ગુમ થયા બાદ કોઈપણ ખુલાસા વિના તેમના પદ પરથી હટાવી દેવામાં આવ્યા હતા. તેમના સ્થાને વાન યીને વિદેશ મંત્રી બનાવવામાં આવ્યા હતા. જે ગેંગ લોકોમાં વધુને વધુ લોકપ્રિય બની રહી હતી. તેમની સરખામણી શી જિનપિંગ સાથે થવા લાગી. તે છેલ્લે 25 જૂને જોવા મળ્યો હતો. એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ગેંગનું મૃત્યુ થયું છે. કિન બાદ રક્ષા મંત્રી લી શાંગફુ પણ અચાનક ગાયબ થઈ ગયા.

**7. રેમન્ડના ચેરમેન ગૌતમ સિંઘાનિયાના છૂટાછેડાનો વિવાદ** રેમન્ડના ચેરમેન ગૌતમ સિંઘાનિયા આ વર્ષે 13 નવેમ્બરના રોજ ચર્ચામાં આવ્યા જ્યારે તેમણે જાહેરાત કરી કે તેઓ તેમની પત્ની નવાઝ મોદી સિંઘાનિયાથી અલગ થઈ રહ્યા છે. બંને 32 વર્ષથી સાથે રહેતા હતા. નવાઝ મોદી સિંઘાનિયાએ પાછળથી રેમન્ડના બોસ પર તેમના અને તેમની પુત્રી પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો, જેના કારણે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ગૌતમ સિંઘાનિયા અને તેમની પત્ની વચ્ચેના વિવાદને કારણે રેમન્ડ ગ્રુપના શેરને પણ અસર થઈ હતી.



**8. ઓપન AI માંથી સેમ ઓલ્ટમેનનું નિરાકરણ** ઓપન એઆઈ, ચેટજીપીપીના નિર્માતાએ 17 નવેમ્બરના રોજ એક નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે સીઈઓ સેમ ઓલ્ટમેન તેમનું પદ છોડી દેશે . કંપનીને તેની નેતૃત્વ ક્ષમતામાં વિશ્વાસ નથી. દરમિયાન, ઓપન એઆઈએ વચગાળાના સીઈઓ તરીકે સીટીઓ મીરા મુરત્તીની નિમણૂકની જાહેરાત કરી. ઓપનએઆઈના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે કહ્યું કે કંપનીના પ્રમુખ ગ્રેગ બ્રોકમેન પદ છોડશે . જો કે, તેઓ કંપની સાથે રહેશે અને સીઈઓને રિપોર્ટ કરશે. બ્રોચમેન અને ઓલ્ટમેને જણાવ્યું હતું કે તેઓ બોર્ડના નિર્ણયથી ચોંકી ગયા હતા અને દુઃખી થયા હતા. ઓલ્ટમેને કહ્યું કે તે નવો બિઝનેસ શરૂ કરવાની યોજના ધરાવે છે. જો કે, તે દરમિયાન, ઓપનએઆઈમાં ઓલ્ટમેન અને બ્રોકમેનને પુનઃસ્થાપિત કરવાના પ્રયાસો વેગ પકડવા લાગ્યા. જો ઓલ્ટમેનને પુનઃસ્થાપિત કરવામાં નહીં આવે તો કેટલાક કર્મચારીઓએ નોકરી છોડી દેવાની ધમકી આપી હતી.

**9. ડોનાલ્ડ ટ્રમ્પ સામે જાતીય આરોપો** આ વર્ષે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ પણ સમાચારમાં હતા. તે ઘણા કેસમાં કાયદાકીય કાર્યવાહીનો સામનો કરી રહ્યો છે. મેનહટન ફેડરલ કોર્ટમાં 9 મેના રોજ એક જ્યુરીએ 1990ના દાયકામાં લેખક ઈ. જીન કેરોલ પર જાતીય હુમલો કરવા માટે અને પછી 2022માં જૂઠું બોલીને તેણીને બદનામ કરવા બદલ ટ્રમ્પને જવાબદાર ઠેરવ્યા હતા. જ્યુરીએ કેરોલને $5 મિલિયનનું નુકસાની ચૂકવવાનો પણ આદેશ આપ્યો હતો. કેરોલ અન્ય માનહાનિના દાવામાં ટ્રમ્પ પાસેથી $10 મિલિયનની માંગ કરી રહી છે. સાથે જ ટ્રમ્પે કહ્યું કે તેઓ ક્યારેય કેરોલને મળ્યા નથી. કેરોલ તેના પર ખોટો આરોપ લગાવી રહી છે. ટ્રમ્પની મુશ્કેલીઓ ત્યારે વધુ વધી જ્યારે ન્યૂયોર્કના એટર્ની જનરલ લેટિશિયા જેમ્સે સપ્ટેમ્બર 2022માં ટ્રમ્પ અને તેમના ફેમિલી બિઝનેસ ટ્રમ્પ ઓર્ગેનાઈઝેશન પર તેમની મિલકતોના મૂલ્યો વિશે ખોટું બોલવા બદલ કેસ કર્યો. આ મિલકતોમાં ફ્લોરિડામાં સ્થિત માર-એ-લાગો અને મેનહટનમાં સ્થિત ટ્રમ્પ ટાવર પેન્ટહાઉસનો સમાવેશ થાય છે.